RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 38 Date: 29.11.2023 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ૧૭ દિવસથી ટનલની અંદર ફસાયેલા કામદારોને બહાર કાઢવામાં કોઈ કસર બાકી રાખવામાં આવી નથી



સિલ્ક્યારા, તા.૨૮

ઉત્તરકાશીમાં ફસાયેલા ૪૧ મજૂરોને હવે ગમે ત્યારે બચાવી શકાશે. સમગ્ર દેશની નજર હાલમાં સુરંગના મુખ પર ટકેલી છે. છેલ્લા ૧૭ દિવસથી ટનલની અંદર ફસાયેલા કામદારોને બહાર કાઢવામાં કોઈ કસર બાકી ન રહે તે માટે દરેક સંભવિત વ્યવસ્થા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. હાઈટેક કામગીરીની સાથે, કામદારોને બચાવવા માટે પરંપરાગત બચાવ ઉપાયો પણ લાગુ કરવામાં આવી રહ્યા છે. બચાવ કામગીરીના ૧૭મા દિવસે વરસાદના કારણે થોડો સમય વિક્ષેપ સર્જાયો હતો. પરંતુ બાદમાં હવામાન સાફ થઈ ગયું હતું. માઈક્રોટનલ નિષ્ણાત ક્રિસ કૂપરે કહ્યું હતું કે અમે ફક્ત મેન્યુઅલ ડ્રિલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ અને અમને વિશ્વાસ છે કે પરિણામ તરફેણમાં આવશે.

એનએચએઆઈના સભ્ય વિશાલ ચૌહાણે જણાવ્યું હતું કે હાલમાં ટનલમાં ૫૮ મીટર સુધી ડ્રિલિંગ કરવામાં આવ્યું છે અને અંદરથી કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે. હજુ લગભગ ૨ મીટર વધુ દબાણ કરવું પડશે. તે પછી જ અમે અંદર ફસાયેલા લોકો સુધી પહોંચી શકીશું. વોકી-ટોકી દ્વારા અંદર રહેલા લોકો સાથે વાત કર્યા પછી, તે સ્પષ્ટ થયું કે તેઓ પણ ડ્રિલિંગનો અવાજ સાંભળી રહ્યા હતા. આનો અર્થ એ છે કે અમે સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ અને ટૂંક સમયમાં જ અમારા ગંતવ્ય પર પહોંચીશું.

સૈયદ અતા હસનૈનના જણાવ્યા અનુસાર, તમામ એજન્સીઓના સંસાધનોનો ઉપયોગ કામદારોને સુરક્ષિત બહાર કાઢવા માટે કરવામાં આવી રહ્યો છે. આ ત્યારે જ શક્ય બન્યું જ્યારે પીએમ મોદી તરફથી આ અંગે સ્પષ્ટ સૂચનાઓ મળી. તેમણે કહ્યું કે સોમવાર સુધી પર્વતની ટોચ પરથી કરવામાં આવી રહેલા વર્ટિકલ ડ્રિલિંગમાં ૩૬ મીટર ખોદકામ કરવામાં આવ્યું હતું. પરંતુ આજે ૪૫ મીટર સુધી ખોદકામ કરવામાં આવ્યું છે. તે વિકલ્પ પર પણ સતત કામ ચાલી રહ્યું છે. કોઈપણ વિકલ્પો બંધ કરવામાં આવ્યા નથી.લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈને કહ્યું કે ટનલની ૫૮ મીટર સુધીની ખોદકામ પૂર્ણ થઈ ગઈ છે. આ માટે આખી રાત હાથ વડે ખોદકામ કરવામાં આવ્યું હતું અને ત્યાંથી કાટમાળ કાઢવામાં આવ્યો હતો. હવે માત્ર ૨ મીટર વિસ્તાર બચ્યો છે. આ કામ પૂર્ણ થતાની સાથે જ અંદર ફસાયેલા કામદારોને બહાર કાઢવાની કામગીરી એક પછી એક શરૂ કરવામાં આવશે.

એનડીએમએના સભ્ય લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈને જણાવ્યું હતું કે આ બચાવ કામગીરીમાં ઘણા અવરોધો હતા. અમે ૪૦૦ કલાકથી વધુ સમય સુધી આ અભિયાનમાં રોકાયેલા રહ્યા. અમારા માટે અંદર ફસાયેલા અને ઓપરેશનમાં રોકાયેલા તમામ લોકોનો જીવ કિંમતી છે. અમને કોઈ ઉતાવળ નથી. આવી સ્થિતિમાં ઉતાવળમાં કોઈ જાહેરાત કરવી યોગ્ય નથી.સીએમ પુષ્કર ધામી અને કેન્દ્રીય મંત્રી જનરલ વીકે સિંહ બચાવ સ્થળ પર પહોંચી ગયા છે. તેઓ સમગ્ર ઓપરેશન પર નજર રાખી રહ્યા છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો ટનલની અંદર સક્રિય છે. કામદારોને સુરંગમાંથી બહાર કાઢતાની સાથે જ સૌથી પહેલા મેડિકલ ચેકઅપ કરવામાં આવશે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે વાયુસેનાએ તેના હેવીવેઈટ ચિનૂક હેલિકોપ્ટરને પણ બચાવ સ્થળ પર તૈનાત કર્યા છે.

ટનલની અંદર ફસાયેલા કામદારોને બહાર કાઢવાની કામગીરી ગમે ત્યારે શરૂ થઈ શકે છે. તેમને તાત્કાલિક તબીબી સારવાર મળી રહે તે માટે ટનલની અંદર મેડિકલ સુવિધાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. સુરંગમાંથી કામદારોને બહાર કાઢ્યા બાદ કામદારોને થોડા સમય માટે અહીં રાખવામાં આવશે. તેમને ત્યાં આરોગ્યની તાલીમ આપવામાં આવશે. જો કોઈ પણ કામદારમાં આરોગ્યની ઈમરજન્સી જોવા મળે તો તેને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ટનલમાં ૮ પથારીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ડોક્ટરોની સાથે ઓક્સિજન અને દવાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.એનડીએફની ટીમ સિલ્ક્યારા ટનલની અંદર પહોંચી ગઈ છે. બચાવ કામગીરી હવે અંતિમ તબક્કામાં છે. સીએમ પુષ્કર સિંહ ધામી અને કેન્દ્રીય મંત્રી વીકે સિંહ બચાવ સ્થળ પર હાજર છે. તમને જણાવી દઈએ કે બચાવ અંગેની ઔપચારિક જાહેરાત કોઈપણ સમયે થઈ શકે છે. તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા સુરંગની અંદર બીજી પાઈપ ધકેલી દેવામાં આવી હતી. કેટલીક એમ્બ્યુલન્સને સિલ્ક્યારા ટનલની અંદર મોકલવામાં આવી છે અને કેટલીક એમ્બ્યુલન્સને ટનલના મુખ પર તૈનાત કરવામાં આવી છે. આ સાથે સુરંગની અંદર કેટલાક ગાદલા અને સ્ટ્રેચર પણ મોકલવામાં આવ્યા છે.

## ઉત્તરકાશીમાં રેસ્ક્યુ ઓપરેશનનો છેલ્લો રાઉન્ડ, બે-ત્રણ કલાકમાં આવી શકે છે ખુશ ખબર, બહાર એમ્બ્યુલન્સ-તબીબી ટીમ તૈયાર

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં સિલ્ક્યારા ટનલમાં સર્જાયેલ દુર્ઘટનાનો આજે ૧૭મો દિવસ છે. સુરંગમાં ફસાયેલા ૪૧ મજૂરોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન સતત ચાલી રહ્યું છે. રેટ ડ્રીલિંગ દ્વારા ૫૭ મીટર માઈનીગ કરવામાં આવી રહી છે. જેમાં ૫૪ મીટરની માઈનીગ થઇ ગઈ છે અને હવે માત્ર ૩ મીટરની માઈનીગ બાદ સારા સમાચાર મળવાની આશા છે. રેસ્ક્યુ ટીમે મજૂરોના સંબંધીઓને તેમના કપડા અને બેગ તૈયાર રાખવા જણાવ્યું છે.



મજૂરોને બહાર કાઢ્યા બાદ હોસ્પિટલ લઈ જવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીને ફરી ફોન કરીને ટનલમાં ફસાયેલા મજૂરોની રાહત અને બચાવ કાર્ય અંગે માહિતી લીધી હતી. તેમણે કહ્યું હતું કે અંદર ફસાયેલા કામદારોની સુરક્ષાની સાથે બહાર રાહત કાર્યમાં લાગેલા લોકોની સુરક્ષા માટે પણ ખાસ કાળજી લેવી જોઈએ.

મળતી માહિતી મુજબ માઈનીગ વચ્ચે સિલ્ક્યારામાં વરસાદ શરૂ થયો છે. આવી સ્થિતિમાં બચાવ કાર્યમાં લાગેલી ટીમોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. જણાવી દઈએ કે આજે રાજ્યના પહાડી વિસ્તારો, ઉત્તરકાશી, ચમોલી અને પિથોરાગઢમાં છૂટાછવાયા સ્થળોએ હળવા અને ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે. ૩૫૦૦ મીટરથી વધુની ઉંચાઈ પર હિમવર્ષા થવાની સંભાવના છે.

## ભારતીય નેવીની તાકાત વધશે! યુદ્ધ જહાજ 'ઇમ્ફાલ'નું અનાવરણ

વિશાખાપટ્ટનમ શ્રેણી એટલે કે ૧૫મ્ પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવેલ યુદ્ધ જહાજનું આજે નવી દિલ્હીમાં અનાવરણ કરવામાં આવશે. કાર્યક્રમમાં હાજરી આપવા માટે મણિપુરના સીએમ એન બિરેન સિંહ દિલ્હી પહોંચી ગયા છે. સીએમ બિરેન સિંહે દિલ્હીમાં નેવીના અધિકારીઓ અને નેવીના કર્મચારીઓ સાથે મુલાકાત કરી હતી.

INS ઈમ્ફાલ લાંબા અંતરની બ્રહ્મોસ મિસાઈલને ફાયર કરવામાં સક્ષમ છે. નેવીનું આ પહેલું યુદ્ધ જહાજ છે, જેનું નામ ઉત્તર-પૂર્વ ભારતના કોઈ શહેરના નામ પરથી રાખવામાં આવ્યું છે. ૧૬ એપ્રિલ ૨૦૧૯ ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા આ નામને મંજૂરી આપવામાં આવી હતી. આ યુદ્ધ જહાજના તમામ ટ્રાયલ પૂર્ણ થઈ ગયા છે અને તેને ૨૩ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તેને નેવીમાં સામેલ કરવામાં આવશે. ક્રેસ્ટ ઓફ યાર્ડ (ઇમ્ફાલ) પ્રોજેક્ટ ૧૫મ્ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર શ્રેણીનું ત્રીજું જહાજ છે. જેનું નિર્માણ મઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.આ યુદ્ધ જહાજને ભારતીય નેવીના યુદ્ધ જહાજ ડિઝાઈન બ્યુરો દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. ભારતમાં બનેલું આ જહાજ વિશ્વના આધુનિક યુદ્ધ જહાજોમાંનું એક છે. આ જહાજ સ્ઈ જીઇ્સ, બ્રહ્મોસ જીજીસ, તારપીડો ટ્યુબ લોન્ચર્સ, એન્ટી સબમરીન રોકેટ લોન્ચર્સ અને 76mm RI SRGM જેવા આધુનિક શસ્ત્રો અને મિસાઈલોથી સજ્જ છે.






## ટીટીપી સંગઠનના આતંકીઓ સામે અફઘાનિસ્તાનમાં ઘૂસીને લશ્કરી કાર્યવાહી કરીશું, પાકિસ્તાનની ધમકી

ઈસ્લામાબાદ, તા. ૨૮

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવમાં હવે બળતામાં ઘી હોમાયા જેવો ઘાટ સર્જાયો છે. પાકિસ્તાને હવે આતંકી સંગઠન તહેરીક એ તાલિબાન પાકિસ્તાન એટલે કે ટીટીપી સામે જો અફઘાનિસ્તાન કોઈ પગલા નહીં ભરે તો જાતે સૈન્ય કાર્યવાહી કરવાની ધમકી અફઘાનિસ્તાનને આપી છે.પાકિસ્તાનના વડાપ્રધાન અનવારુલ હક કાકરની ધમકી બાદ પણ તાલિબાને સ્પષ્ટપણે કહ્યુ છે કે, અમે ટીટીપી સામે કોઈ જાતની લશ્કરી કાર્યવાહી કરવાના નથી. ઉલટાનુ અફઘાનિસ્તાને પાકિસ્તાનના કોર્ટમાં બોલ ફેંકીને કહ્યુ છે કે, આ સમસ્યાનો કોઈ વૈકલ્પિક ઉકેલ પાકિસ્તાન જ અમને સૂચવે.

ઉલ્લેખનીય છે કે, તહેરીક એ તાલિબાન પાકિસ્તાન ..સંગઠનને લઈને બંને દેશો વચ્ચેના સબંધોમાં કડવાશ આવી ચુકી છે. પાકિસ્તાન આરોપ મુકી રહ્યુ છે કે, તહેરીક એ તાલિબાન પાકિસ્તાનના આતંકીઓ પાકિસ્તાનમાં હુમલા કરે છે અને અફઘાનિસ્તાનમાં શરણ લે છે. આ સંગઠન સામે અફઘાનિસ્તાની તાલિબાન સરકાર કાર્યવાહી કરે , નહીતર અમે તેમની સામે લશ્કરી



કાર્યવાહી કરીશું.પાકિસ્તાનની ધમકીની જોકે તાલિબાન પર કોઈ અસર નથી પડી.બીજી તરફ પાકિસ્તાને અફઘાનિસ્તાન પર દબાણ વધારવા માટે પોતાના દેશમાં રહેતા ૧૭ લાખ અફઘાન નાગરિકોને દેશ છોડવા માટે આદેશ આપ્યો છે અને તેનો અમલ પણ શરુ કરીને લાખો અફઘાનીઓને અફઘાનિસ્તાન મોકલવાની સાથે સાથે તેમની સંપત્તિ જપ્ત કરી લીધી છે.જેના કારણે બંને દેશના સબંધો વધારે ખરાબ થયા છે. તાલિબાની સરકારે અફઘાન લોકોને કાઢવા સામે પાકિસ્તાનને ધમકી ।પેલી છે.પાકિસ્તાન સરકાર દ્વારા અફઘાનિસ્તાનને તહેરીક એ તાલિબાન પાકિસ્તાન સામે પગલા લેવા માટે સમજાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા છે. તાલિબાનનુ કહેવુ છે કે, અમેરિકા સામેની લડાઈમાં તહેરીક એ તાલિબાન પાકિસ્તાન ..સંગઠને અમારો સાથ આપ્યો હતો અને તેઓ અમારા મહેમાન પણ છે. મહેમાનો સામે અફઘાની પરંપરા અનુસાર કાર્યવાહી ના કરી શકાય.ઉપરાંત તાલિબાનને ડર છે કે, જો આ સંગઠન સામે કાર્યવાહી કરીશું તો તેનાથી નારાજ થઈને તાલિબાનના સભ્યો ઈસ્લામિક સ્ટેટ સંગઠન સાથે જોડાઈ જશે.

## અમેરિકામાં ઘૂસણખોરીની સમસ્યા ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનશે, ટ્રમ્પે આકરી કાર્યવાહીનો વાયદો કર્યો

વોશિંગ્ટન, તા. ૨૮

અમેરિકામાં ઘૂસણખોરોનો મુદ્દો રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાં ફરી એક વખત ઘૂસણખોરીની સમસ્યા મુખ્ય મુદ્દો બને તેવા ભણકારા વાગી રહ્યા છે.રિપબ્લિકન પાર્ટી વતી ફરી ચૂંટણી લડવા માટે થનગની રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે ઘૂસણખોરો સામે આકરુ વલણ અપનાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પ જયારે અમેરિકાના પ્રમુખ હતા ત્યારે તેમણે ગેરકાયદે રીતે અમેરિકા આવતા લોકો સામે લાલ આંખ કરી હતી.ટ્રમ્પે તાજેતરમાં એક



ઈન્ટરવ્યૂમાં કહ્યુ છે કે, હજારોની સંખ્યામાં અમેરિકામાં બોર્ડર ક્રોસ કરીને આવી રહેલા લોકોને હું રોકીશ. જ્યારે ઘૂસણખોરોને ખબર પડશે કે અમેરિકામાં ઘૂસતા લોકો પકડાય ત્યારે તેમને તેમના પરિવારથી અલગ કરી દેવામાં આવે છે ત્યારે તેઓ અમેરિકામાં આવતા બે વખત વિચાર કરશે.બીજી તરફ સત્તાધારી ડેમોક્રેટિક પાર્ટીએ ઘૂસણખોરો સામે ટ્રમ્પની નીતિઓને અમાનવીય ગણાવી છે. નાગરિકોના અધિકાર માટે લડતા સંગઠનો પણ ટ્રમ્પના એલાન બાદ ચોંકી ઉઠ્યા છે અને તેઓ ટ્રમ્પને આ મુદ્દે કોર્ટમાં પડકારે તેવી પણ શક્યતા છે.હાલમાં અમેરિકાની દક્ષિણ બોર્ડર પરથી મોટા પાયે લોકો દેશણાં ઘૂસી રહ્યા છે. ટ્રમ્પના શાસનકાળમાં આ ઘૂસણખોરી રોકવા માટે પકડાયેલા લોકોને તેમના પરિવારોથી અલગ કરી

તંત્રી લેખ......

# ઈઝરાયલ હુમલામાં સામેલ તમામના માથે મંડરાતું મોત

ખુબ ટૂંકા સમયમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના સંઘર્ષ દરમિયાન ચાર દિવસના સંઘર્ષવિરામમાં હમાસે ઈઝરાયલમાંથી અપહરણ કરેલા કેટલાક બંધકોને મુક્ત કરવાનું શરૂ કર્યાના ખબર આવ્યા છે. અપહ્રતોના પરિવારજનોએ તેમના સ્વજનોની મુક્તિથી તેમને મળેલી રાહત વિશે વાત કરી છે. મુક્ત કરાયેલા અપહ્રતોમાં વૃદ્ધ મહિલાઓ અને નાનાં બાળકોનો સમાવેશ થાય છે. હમાસે મુક્ત કર્યા બાદ આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ સંગઠને આ તમામ લોકોને ગાઝામાંથી ઈજિપ્તમાં ખસેડયાં હતાં જ્યાંથી તેમને ઈઝરાયલ પહોંચાડી દેવામાં આવ્યાં છે. ઈઝરાયલે તેના કબજામાં રહેલા પેલેસ્ટાઈનના લોકોને વેસ્ટ બૅન્કના બૈટુનિયા ચેકપૉઈન્ટ ખાતે મુક્ત કર્યા હતા. આ પરિવારને તે જે ઘટનાના અને તેની યાતનાઓમાંથી પસાર થવાના આઘાતમાંથી બહાર કાઢીને તેમને ફરીથી ચેતનવંતો બનાવવાનો દૃઢનિશ્ચય કર્યો તે પણ આવકાર્ય છે. જે લોકોનું અપહરણ થયું છે, તે લોકો માત્ર પોસ્ટર કે સૂત્રો નથી, એ લોકો જીવતા મનુષ્યો છે અને એ અપહ્રત લોકોના પરિવારો નવો પરિવાર છે. મધ્ય-પૂર્વ એશિયાના દેશ કતારે ઈઝરાયલ અને હમાસ વચ્ચે મધ્યસ્થી દ્વારા કરેલી સમજૂતી સિવાય હમાસે થાઈલૅન્ડ અને ફિલિપિન્સના નાગરિકને પણ મુક્ત કર્યા છે. કતાર દ્વારા કરવામાં આવેલી મધ્યસ્થી બાદ થયેલી સમજૂતી હેઠળ હમાસના કબજામાં રહેલા ઈઝરાયલના બંધકો સામે ઈઝરાયેલે પકડેલા પેલેસ્ટાઈનના લોકોની અદલાબદલી કરાશે.

ઈઝરાયલમાં તા. ૭મી ઑક્ટોબર ૨૦૨૩એ હુમલા થયેલા અને એ માટે ઈઝરાયલ અનેક લોકો અને સંગઠનને જવાબદાર ગણે છે. એ હુમલામાં લગભગ ૧૨૦૦ લોકોનાં મોત થયાં હતાં અને લગભગ ૨૦૦થી વધુનું અપહરણ કરાયું હતું. કહેવાય છે કે, ઈઝરાયલ પરના હુમલામાં જે સામેલ રહ્યા છે એ તમામનું મોત નક્કી છે. આમાં હમાસની લશ્કરી પાંખના ભાગેડુ વડા પણ સામેલ છે. જે ૭મી ઑક્ટોબરના હુમલા પાછળના માસ્ટરમાઈન્ડ છે અને એ હુમલાને તેઓ એક મિલિટરી ઑપરેશન ગણાવે છે, એ હુમલાને નક્કી કરવામાં અને યોજના બનાવવા પાછળ યાહ્યાનું મગજ હોઈ શકે છે. જે ઈઝેદીન અલ-કાસમ બ્રિગેડનો જ ભાગ છે. ઈઝરાયલી માને છે કે હમાસ લીડર ઈસ્માઈલ હાનિયાહ પછીના સેકન્ડ-ઈન-કમાન્ડ છે, તેઓ ગાઝામાં સુરક્ષાકર્મીઓ સાથે કોઈ ટનલમાં છુપાયેલા છે. તેઓ ડરના લીધે કોઈ સાથે સંદેશાવ્યવહાર નથી કરી રહ્યા કેમ કે તેમનું સિગ્નલ ટ્રૅક થવાથી તેમનું લૉકેશન પકડાઈ શકે છે. ઈઝરાયલનાં સંરક્ષણ અને સુરક્ષા સંસ્થાનોમાંના ઘણા લોકો માને છે કે કેદીઓની અદલાબદલીના ભાગ રૂપે સિનવારને જેલમાંથી બહાર કાઢવા એ ઘાતક ભૂલ હતી. ઈઝરાયલીઓ માને છે કે, તેઓને સલામતીની ખોટી ભાવનામાં ફસાવવામાં આવ્યા હતા કે હમાસને આર્થિક પ્રોત્સાહનો અને વધુ વર્ક પરમિટો ઑફર કરીને યુદ્ધ માટેની એ લોકોની ભૂખને ઠારી દેવામાં આવશે. અલબત્ત, આ એક વિનાશક ખોટી ગણતરી હોવાનું બહાર આવ્યું.

# આ લે લે! વર્લ્ડ કપની ફાઇનલમાં સ્પોર્ટસ ચેનલોએ સાહેબને સમ ખાવા પણ ન દેખાડ્યા!!મૂઆઓનું નખ્ખોદ જાય!!- અંધ ભક્તનો આક્રોશ!!

હવે ,આ સવાલ થવો જરૂરી અને વાજબી છે. આ સવાલમાં વ્યક્તિગત સ્વાર્થ કરતાં સમગ્રતયા સમસ્ત સૃષ્ટિના સાર્વત્રિક કલ્યાણ, સુખ, પ્રગતિ અને યોગક્ષેમની આંત્યંતિક ગંભીર બાબતની વિચારણાના પડઘા પ્રતિબિંબિત થાય છે!! હાય રામ! હાય દૈયા!! આ દેશનું શું થઇ રહ્યું છે?? ( ગાંધીજી, જવાહરલાલ નહેરૂં, શાસ્ત્રીજી, ઈંદિરાના નિધન સમયે આવા સવાલોપૂછાયી હતા?? દેશની પથારી ફેરવવા પનોતીરૂપ ફટિચરો મળી જ રહે છે!!)આ દેશ કયા માર્ગે જઇ રહ્યો છે?? દેશ તેના માર્ગેથી ચ્યુત થઇ રહ્યો છે કે શું?? દેશની ગાડી પાટા પરથી ખસી ગઇ છે કે કોઇ રાષ્ટ્રવિરોધી ષડયંત્રનો જાણે અજાણ્યે શિકાર થઇ રહ્યો છે તેવા પાયાના મૂળભૂત સવાલ મગજમાં મેંદીની માફક ઘૂટાઇ રહ્યા છે!!

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર ક્રિકેટ અગર બોર્ડ ફોર ક્રિકેટ કંટ્રોલ ઓફ ઈન્ડિયામાં અક્કલનો છાંટો છે કે કેમ એ સવાલ થાય?? આ વરસે ક્રિકેટના મહાકુંભ એવો વર્લ્ડ ક્રિકેટ કપનું આયોજન થયું. દેશના પ્રથમ ગૃહમંત્રી અને લોખંડી પુરૂષના નામે ઓળખાતા સરદાર પટેલ સ્ટેડિયમને આપણે હડપી ગયા. જેના નિર્માણમાં અંગત કે પક્ષે પાઇ ખર્ચી ન હતી તેમણે જીવતેજીવ પોતાનું નામ લખીને સરદાર પટેલના નામનું નામું નાંખી દીધું એવા સ્ટેડિયમમાં ફાઇનલ મેચ રમવાનું નક્કી કર્યું!!

સમારોહ, કાર્યક્રમ કોને કહેવાય એ આઇસીસી કે બીસીસીઆઇએ પાયાથી શીખવા નમસ્તે ટ્રમ્પ ( ભૂલથી ડમ્પ ના લખતા પ્રૂફરીડર સાહેબ!!) કાર્યક્રમ જોઇ લો.( આ કાર્યક્રમથી કોરોના ફેલાયો તેવું કોણ બોલ્યુ?? દેશદ્રોહીઓ સબૂર કરો! જરી વાર તમારું ભોડું બંધ રાખી શકતા નથી!!) આ કાર્યક્રમમાં કેટલા કેમેરા, ફર્સ્ટ સ્લીપ, સેકન્ડ સ્લીપ, થર્ડ સ્લીપ, ગલી, કવર, મિડઓન મિડઓફ, થર્ડમેન, લોંગસેગમાં ગોઠવાયા હતા. સ્ક્રીન પર સૂરજ સમા દૈદિપ્યમાન, ચંદ્ર જેવા જાજ્વલ્યમાન સાહેબ સિવાય કોઇ નહીં!! ટ્રેમ્પ પણ ઊતરેલી કઢી કે ફાટી ગયેલી ચા જેવા દેખાતા હતા!! રૂપાણી ફુપાણી જેવાનો તો કેમેરા સામે આવવાનો કલાસ નહીં! સાહેબ જે કાર્યક્રમમાં હાજર રહે તે કાર્યક્રમમાં રેલવેમંત્રી, નાણામંત્રી ,વિદેશમંત્રી કે સંરક્ષણમંત્રીની શી જરૂર છે?? ડાયનોસોરમાં બધાના પગલા સમાઇ જાય છે, સમજ્યા કે નહીં?? સાહેબ ટનલમાં કોઇ ન હોય તો પણ વિશાળ જનમેદની સામે હાથ હલાવી અભિવાદન કરતા હોય તેવા ફોટા, વિડીયો આઇસીસીએ જોયો નહીં?? ભ્રષ્ટાચાર સામે ડોન કિહોટેની જેમ તલવાર વીંઝવાની વાત કરતા હોય અને બે દિવસ પછી ભ્રષ્ટાચારમાં નખશીખ લિપ્ત અજીતદાદા(રોબર્ટ તુમ માઇકલ કે સાથ જાવ. સારા શહેર હમે લોયલ કે નામ સે જાનતા હૈ! વાળા ડોનાધિપતિ અજીતની વાત નથી!!)ને ડેપ્યુટી સીએમ બનાવી દે!! એ મનનીય ભાષણ જય શાહે સાંભળ્યું નહીં?? સાહેબ નવી દંડ પ્રણાલી અને જયડિશિયરીનો છેદ ઉડાડતું દાંત કચકચાવીને કરેલ અહિંસક પ્રવચન સાંભળ્યું નહીં હોય?? ઈવીએમમાં કમળનું બટન દબાવીને ગુનેગારને ફાંસી આપો!! ( જલ્લાદની જગ્યાએ એઆઇ એટલે આર્ટિફિશિયલ ઈનટેલિજન્સ ફાંસી આપે !!જલ્લાદની નોકરી તો ગઇ કેનહીં??) બોલો, કેવી અદ્ભૂત વાત. અમે સાહેબના કાયલ થઇ ગયા!!

તમે ફાઇનલમાં મેચમાં સાહેબને બોલાવો તે હડધૂત કરવા બોલાવ્યા હતા?? સાહેબના ફોટો શૂટ માટે આગળ, પાછળ, ડાબે, જમણે, ઉપર નીચે, ત્રાંસા ,સીધા, આડા અવળા, ઉંચા , નીચા, કલોઝઅપ, લોંગ શોટ સતત, અવિરત, અસ્ખિલિત, નિરંતર લેવા માટે કેમેરાનેન, મેઇકઅપમેન, બ્યુટિંશિયન, હેર ડ્રેસર, ડિઝાઇનર કલોથ્સ વગેરેનો ઇંતેઝામ કરવ જોઇએ કે નહીં? મોટો મંડપ હોવો જોઇએ ?? બીલીસીઆઇ ધનાઢય સંસ્થા છે. સાહેબની નિષ્કામ અને અનાસક્ત જલકમલવત્ પ્રસિધ્ધિ માટ પ્રબંધ ન કરી શકો તો તમે સાહેબનો તેજોવધ કરવા આમંત્રણ આપેલું??સાહેબનું અપમાન કરવાનો હક્ક તમને કોણે આપ્યો??

અમે ભક્તો ટીવી ખોલીને. વેઇટ અ મિનિટ. બોસ, ટીવી કેવી રીતે ખોલાય??તમે ટીવી ઓન કર્યું એમ કહો !! હા ,ભઇ , હા. એ જે હોય તે!! અને ટીવી ઓન ઈધરઉધર ટગરટગર ડગરડગર સાહેબના ચરણકમળન્ દર્શન કરવા લાલિયિત હતા. ટીવીના સ્ક્રીન પર સાહેબના દસે આંગળીએ ઓવારણા દુખણા લઇ ટચાકા ફોડવા આતુર હતા. અમે ટીવી ઓન કરી શેરી વળાવી સજજ કરી સાહેબ ટીવી આંગણે પધારો !! સાહેબને કુમકુમ તિલક કરી, અક્ષત, પુષ્પ ચુવાચંદન ધૂપદીપ અર્પણ કરવા તલપાપડ હતા. ભલે વર્ચ્યુઅલ તો વર્ચ્યુઅલ !! અમે ટીવી સ્ક્રીનને સાહેબનું મસ્તિક માની શ્રીફળ ફોડવા ગોપીની જેમ વિહ્વળ હતા!!અંખિયા સાહેબ દર્શન કી પ્યાસી અંખિયા સાહેબ દર્શન કી પ્યાસી. અમે જલબિન મછલીની જેમ તરફડતા હતા. સાહેબ પણ ફલેશગનના ધબકારા વિના સુના સુના મંદિરિયાની જેમ બેચેન હતા!!

નાલાયક બીસીસીઆઇ, મુઆ પીટ્યા આઇસીસીવાળાને શું કામ સાહેબની સાથે વેરભાવે વર્તતા હશે?? સાત પેઢીનું પુશ્તૈની વેર હશે?? સવારથી સાંજ સુધી સાહેબને એક વાર પણ ટીવી પર દેખાડ્યા નહીં?? અમને તો ડાઉટ પડ્યો કે ભારતની ફટોફટ વિકેટ પડવા લાગી એટલે સાહેબે પેડ બાંધી બેટ પકડી ઈન્ડિયન ટીમને બચાવવા ક્રિકેટાવતાર ધારણ કર્યો કે શું?? ઓસ્ટ્રેલિયાની વિકેટ જેહાદનો વિરોધ કરવા સાહેબ સ્ટેડિયમ પર તાતા પ્રહાર કરશે!!વિરોધી એટલે ઘમંડિયા કહેતા હતા કે સાહેબ સ્ટેડિયમછોડ બેટ ચોર બન્યા!! અફવાનો પણ ખુલાસો ન થયો!! અમારી ડોકી દુખી ગઇ પણ ટીવી સ્ક્રીન પર વિશ્વ વલ્લભ ન દેખાયા તે ન દેખાયા !! નિર્મલા કહે રાજનાથને। રાજનાથ વાત વહે અમદાવાદમાં સાહેબ ક્યાંય નથી સ્ટેડિયમમાં એમ મોટાભાઇએ ગાઇ લીધું!!સાહેબને બોલાવી સાહેબની ફજેતી કરવું તમને શોભે છે?? તમે છો તો સાહેબ નથી, પરંતું, સાહેબ છે તો તમે છો એ સમજી લેજો!!

બીસીસીઆઇ કે આઇસીસીવાળાએ ધાર્યું તો સાહેબને ભરપૂર કે કરોડોલૂંટ પ્રસિધ્ધિ પ્રસિધ્ધ આપી શકયા હોત!!તમે તો સાહેબને દેખાડવા જ માંગતા ન હતા-આ અમારો ખાનગી ખુલ્લો આરોપ છે. તમે ધરડાખચ્ચર શાહરૂખને દેખાડો, અવનવા વિચિત્ર કપડા પહેરનાર ડાગલા-જોકર રણવીરસિંહને દેખાડો, અનુષ્કા શર્મા-કોહલીને દેખાડો, ભાવહીન આથિયા શેટીનું થોબડું દેખાડો , તો અમારા -આપણા સાહેબ તેના કરતા ગયા ગુજારેલો કેસ છે?? સાહેબની કોઇ વેલ્યુ જ નહીં?? સાહેબનો તેજોવધ કરવા બોલાવેલા?? તમે આઇસીસી કે બીસીસીઆઇ નાણા ભૂખ્યા વરૂં છો. સાહેબને સ્ક્રીન પર દેખાડો તો શું મળે ?? એમ વિચારી સાહેબને ટીવી સ્ક્રીન પર દેખાડતા ન હતા. સેકન્ડની જાહેરાત માટે લાખ કે કરોડ રૂપિયા લૂંટી લો છે એ અંદર કી બાત હવે કયાં રાઝ છે??તમને પેટ દુખતું હતું ને માથું શું કામ કૂટતા હતા?? સાહેબને ટીવી પર દેખાડવા અબજ કે નિખર્વ રૂપિયા ખંખેરવા હતા તો અમને કહી દેવું હતું!! અમે તમારું ડોઝિયર અદાણી કે અંબાણીને મોકલી રૂપિયા તમને સળગાવી દેવા કહી દેતા!! પણ તમે સાહેબ પર બ્લેકઆઉટ જ કરી દીધો એ બરાબર કર્યું નથી!!

એક બોલ ફેંકાય જાય પછી બીજો બોલ ન ફેંકાય એ સમયે એડ દેખાડો છો. કોઇ વિકેટ પડે કે બેટસમેન ફોર અગર સિકસર મારે તો વચ્ચે એડ દેખાડી રોકડી કરી લો છો. એક ઓવર પૂરી થાય અને બીજી ઓવર શરૂ થાય તે વચ્ચેના સમયમાં એડ દેખાડો છો!! અઢી મિનિટના સ્ટ્રેટેજીક ટાઇમમાં જાહેરખબરનું ડાયનોસોર પૂર ચલાવો છો. આમાં ક્યાંક વચ્ચે સાહેબને ઘુસાડી સાહેબને અલપઝલપ દેખાડો તો તમારું શું લૂંટાઇ જવાનું ?? સાહેબનું પ્રસિદ્ધિનું વેન પૂરું થઇ જાય અને તમે સાહેબની ગુડબુકમાં રહી શકયા હોત બુડથલો!!તમે જે ડાળ પર બેઠા હતા તે ડાળ પર કુહાડી મારી છે. બિલકુલ કવિ કાલિદાસની સંવર્ધિત આવૃત્તિ

આભાર - નિહારીકા રવિયા છો!! હવે તમને કોઇ ઈડી, સીબીઆઇ કે ઈન્કમટેકસ બચાવે તો અમને ફટ કહેજો!!

અમે કેટલું પ્લાનિંગ કરેલું. ફટાકડાના વેપારી પાસેથી દિવાળીના તહેવારોમાં ફટાકડાના વેચાણ પછી વધેલા તમામ ફટાકડા રદીના ભાવે ચોપડે ઉંચી કિંમત દેખાડી ખરીદી લાવેલા. અબીલગુલાલ, ઢોલનગારા, ફૂલો, મિઠાઇઓ (એકસપાયરી ડેટ વાળી જ સ્તો!!) મંગાવી રાખેલી . ચૂંટણી સમયે રોડ શો કરીએ તેવી તૈયારી પણ કરેલી. પાર્ટી કાર્યાલય આતશબાજીથી પર્યાવરણ શુધ્ધ કરવાને રચનાત્મક કાર્યક્રમ પણ ઘડી કાઢેલ!! ધન્યવાદ મોદીજી, રફ્હાજ ર્સ્દ્વૈદ્વે જેવા વિરાટકાય ફલેકસ, બેનર , બેકડ્રોપ પણ રેડી રાખેલા. બધો ખેલ રાહુલ અને કોહલીએ બગાડ્યો. આપણા મુન્ના રાજા(જયબાબા) મેકસવેલ, હેડ, સ્મિથને એમએલએ કે એમપીની જેમ ખરીદી શકયો નહીં. નોકરી કે ભણતરની પરીક્ષાના પેપરની જેમ અમ્પાયર કે રેફરીને ફોડવામાં નાકાનિયાબ રહ્યા.સંસદના સત્ર દરનિયાન સાંસદને સત્ર સુધી સસ્પેન્ડ કરી શકાય. પરંતું , ઓસિટ્રલિયન ક્રિકેટરને રાત સુધી સસ્પેન્ડ ન કરી શકયા. આમ, તો વિરોધી પર ઈડી, ઈન્કમટેકસ, સીબીઆઈની રેડ પાડવાની હતી!! ભગવાનનો પાડ માનો કે જેને ગોદી મિડીયા કહીએ છીએ એવા ન્યુઝ પેપરોએ સાહેબ ભારતની ટીમને આશ્વાસન આપતા હોય તેવી તસ્વીરો પ્બલિશ કરી !! ચંદ્રયાન-૨ની નિષ્ફળતા સમયે માધવે સાહેબના વિશાળ સ્કંધ પર મસ્તિક સેટેલાઇટની જેમ ટેકવીને મગરરુદન કરેલ. ભારતીય ખેલાડીએ સાહેબના ખભાને સાઇટસ્ક્રિન સમજી આંસુ સાર્યા!! આ ગતકડાં દ્રશ્યો જોઇ અમારું દિલ ગાર્ડન ગાર્ડન થઇ ગયું, શું સમજયા??

આ લે લે! વર્લ્ડ કપની ફાઇનલમાં સ્પોર્ટસ ચેનલોએ સાહેબને સમ ખાવા પણ ન દેખાડ્યા!!મૂઆઓનું નખ્ખોદ જાય!!- અમે અંધભકતો સરકારને અલ્ટિમેટમ આપીને સ્પોર્ટસ ચેનલ,આઇઆઇસી અને બીસીસીઆઇ જેવા રાષ્ટ્રવિરોધી, દેશદ્રોહી સામે મકોકા, એનએસએ, પાસા, ટાડા એકટ હેઠળ ધરપકડ કરવા અને આજીવન સાહેબના કાર્યક્રમોની સીડી જોવાની સખત સજા આપવા અનુરોધ કરીએ છીએ !!

ભરત વૈષ્ણવ

# દ્વિધા

અમૃતલાલ સ્વભાવે આમ તો કોઈને નડે તેવા નહોતા, છતાં સવાર પડતાં જ દીકરા વેદાંતની વહુ આરતીને ઠેબે વિના કારણ ચઢી જતા. આજે વહેલી સવારે શાક લેવા જવા આરતી પર્સ ગોતવા અહીંતહીં ફાંફાં મારતી હતી. ન જાણે પર્સ કયાંક મુકાઈ ગયુ હશે. એટલે આરતીને મળતું નહોતું. પર્સ શોધતાં ગુસ્સામાં આરતીના ઠેબે અમૃતલાલની લાકડી ચડી ગઈ. આરતીનો ગુસ્સો સાતમા આસમાને ચડી ગયો. ગુસ્સામાંને ગુસ્સામાં તે મનોમન બબડી, ''હે! પ્રભુ હવે આ ઘરમાંથી આ લાકડી જાય તો, ઘરમાં કયાંક પગ મૂકવાની જગ્યા થાય.'' ત્યાં જ ઘરના ફોનની ઘંટડી રણકી ઊઠી.

'હલ્લો, આરતી.'

''બોલ, પૂનમ, શું ખબર છે?''

''બસ, કાંઈ નવીન નથી, આટલી વહેલી સવારે આરતી તને યાદ કરાવવા ફોન કર્યો કે, તું આજે સમયસર કીટી પાર્ટીમાં આવી જજે. છેલ્લા બે ત્રણ વખતથી તને અમે બધી સહેલીઓ ખૂબ જ મિસ કરીએ છીએ.''

''પૂનમ, હું તને ફોન પર શું કહું, અરે! મને જેટલી ચિંતા વેદાંતના દિવસના ત્રણ ટંકના ભોજનની નથી હોતી, એટલી ઘરમાં મારે માથે ચોવીસ કલાક ખોડાઈને પડેલા આ ડોસાની છે. મૂઓ! પોતે તો મરીને છૂટતો નથી અને મને પણ છૂટકારો દેતો નથી. હજી સવારમાં જ તેના ચા પાણી નાસ્તો કરીને જરા પરવારી અને હજી અગિયાર વાગ્યા નથી ત્યાં તો માથે આવીને ઊભો રહેશે, 'આરતી વહુ, લંચને હજી ભલાં કેટલીવાર છે.' ''જો પૂનમ, લંચમાંથી વહેલી પરવારી જઈશ તો, આજ જરૂર કીટી પાર્ટીમાં આવવાની કોશિશ કરીશ.''

''તો પછી આરતી, હું એમ જ માની લઉં છું કે, આપણે આજે બપોરે પાર્ટીમાં મળીએ છીએ.''

ફોન મૂકતાં, કીટી પાર્ટીમાં આજે જવાશે કે નહિ જવાય, તેની ચિંતામાં આરતીએ પોતાનાં મનનો ગુસ્સો સ્ટીલની ખાલી તપેલી પર કાઢયો. તપેલીનો એક કોર ઘા કરવાનો અવાજ રસોડામાંથી અમૃતલાલ સાંભળે તે રીતે બરાડી ઊઠી ,''હે પ્રભુ, મારે હજી આ ડોસાની ક્યાં લગી ગુલામી કરવાની છે? તું પણ ઉપર નિરાંતે બેઠો અહીં નખ્ખોદ વાળી રહ્યો છે. ગાય જેવાં સાસુજીને તે તારી પાસે ઉપર બોલાવી લીધાં, પણ હજી સુધી તો આ ડોસાની જગ્યા કેમ કરી નથી!''

છાપું વાંચતા અમૃતલાલના કાને વહુનાં શબ્દો સંભળાયા. આંખે આવેલ ઝળઝળિયાંને ધોતિયાના છેડે લૂછતા, ભીંતની ખીંટીએ હારતોરામાં ટીંગાતી પત્ની રાધાગૌરીની છબી જોતા તેમના હોઠ ફફડ્યા, ''અરે! રાધા, હવે વહુની પણ બહુ જ ઈચ્છા છે કે હું તારી પાસે ચાલ્યો આવું. તું તો છેલ્લાં સાત-આઠ વર્ષથી સ્વર્ગમાં વસી રહી છે. હવે તો પ્રભુ સાથે સારી એવી ઓળખાણ થઈ ગઈ હશે. તારી પાસે મને બોલાવવા તું પ્રભુને મારા માટે ખાસ વિનંતી કર કે તારી આસપાસમાં મારા માટે કયાંક જગ્યા કરે. આ માટે તું કોઈ લાગવગ લગાવ.'' આ પ્રમાણે પોતાનાં મન સાથે વાતો કરતા. ફરી પાછાં અમૃતલાલ છાપામાં મરણ નોંધની કોલમમાં નજર ફેરવવા માંડયા કે કોણ ભાગ્યશાળી, મિત્ર કે સગાંસંબંધી, આ દુનિયામાંથી છૂટી પરલોક સિધાવ્યા છે.

સાંજે કીટી પાર્ટીમાંથી પાછી ફરેલ આરતીની નજર સિન્કમાં પડેલા બપોરનાં ચાનાં કપરકાબી પર ગઈ. અમૃતલાલ પર ગુસ્સો કાઢવા માટે આરતીને કોઈ કારણ શોધવું ન પડ્યું. તેણે તો બસ આ એક કારણ પર ઘર આખું માથે લીધું. ''અરે! ઈશ્વર, તું આવા આળસુ નકામા માણસને, શું કામ ધરતી પર મોકલતો હોઈશ? શું માણસ? ગાડાં જેટલું ખાઈ પીએ પણ પોતાનાં બે ઠામ ધોઈ નાંખતાં, કેમ તેના હાથ ભાંગી જાય છે? બપોરથી મારી રાહ જોતાં. સિન્કમાં વાસણનો ઢગલો કરી દીધો છે. ડોસાને મન તો હું જાણે આ ઘરની નોકરડી.'' અમૃતલાલના કાને આ સાંભળ્યું પણ તેમને માટે આ બધું સાંભળવું તો રોજની આદત થઈ ગઈ હતી.




આખા દિવસના પ્રખર તાપ બાદ, અમૃતલાલના ભાગ્યમાં શીતળ સાંજ આવી ચડી હતી. રોજની માફક અમૃતલાલ સોનેરી ફ્રેઈમનાં ચશ્માં ચડાવી, સ્વચ્છ હંસોની ધોળી, ઊજળી પાંખો જેવો ઝભ્ભો, ધોતિયું અને માથે ટોપી મૂકી, હાથમાં જયપુરી નકશી કામવાળી હાથી દાંતની લાકડી લઈ ધીમાં ડગ માંડતા, ઘરથી થોડેક દૂરના બાગના એક વૃક્ષ તળે પડેલ તૂટેલ ફૂટેલ બાંકડે બેસવા ચાલી નીકળ્યા. અમૃતલાલનો દિવસ ભલે આરતી વહુનાં મેણાં ટોણાંમાં વીતી ગયો પણ સાંજ તો તેમને માટે શુભ શુકન લઈને આવી હતી. ઊંચા મકોનો વચ્ચે ,દૂર દેખાતી ટેકરીઓ વચ્ચે ડૂબતા સૂરજને નીરખતા અમૃતલાલ નિરાંતે બાંકડે બેઠા હતા. બરાબર એ જ વખતે, ઊના ડેલવાડામાં પરણાવેલ પોતાની દીકરી નીલુની ઉંમરની એક સ્ત્રી બાગમાં પોતાના ત્રણ ચાર વર્ષના બાળક સાથે આંટા મારવા નીકળી હતી. તેણે અમૃતલાલને બાંકડે બેઠેલા જોયા. તેનો અમૃતલાલ સાથે આ પહેલાં કોઈ અંગત સંબંધ કે પરિચય નહિ હોવા છતાં, પેલી સ્ત્રીએ અમૃતલાલના બાંકડા નજીક જઈ, એક દીકરી પોતાના વિધુર બાપને જે રીતે પ્રેમથી સુખદુઃખના સમાચાર પૂછે એ રીતે તેણે અમૃતલાલને પૂછયું, ''કેમ બાપુજી, મજામાં ને!"

આખા દિવસના ઉકળાટ બાદ અમૃતલાલને કોઈ આટલાં પ્રેમ અને લાગણીથી સુખદુઃખના સમાચાર પૂછતું જોઈ તેમનું મન, હદય ઝૂમી ઊઠયાં. ક્ષણનો પણ વિચાર કર્યા વગર તેમણે હળવાશથી કહી દીધું, ''હા, દીકરી, તમારાં પુણ્ય પ્રતાપે મારે તો લીલા લહેર છે.'' અમૃતલાલના જવાબથી ખુશ થયેલ પેલી સ્ત્રીએ થોડેક દૂર રમતાં પોતાનાં બાળકને પોતાની નજીક બોલાવીને કહ્યું, ''બેટા મલ્હાર, દાદાજીને નમસ્તે નહિ કરે!''

માનાં બોલ પર, બાળકે બે હાથ જોડી અમૃતલાલને પોતાની કાલીઘેલી બોલીમાં માથું નમાવતાં કહ્યું, ''દાદાજી નમસ્તે."

બસ, અમૃતલાલ તો મનોમન ખીલી ઊઠ્યા. તેમને થયું કે માણસ જેટલું જીવનને વગોવે છે એવું ખરેખર જીવન ખરાબ નથી! આ ઘડીએ તેમને લાગી આવ્યું કે જીવન તો જીવવા જેવું છે. અમૃતલાલને પેલી સ્ત્રીએ કહ્યું, ''બાપુજી, તો ચાલો, લ્યો ત્યારે હું તો નીકળું છું. સાંજ ઢળવા આવી છે. મલ્હારના પપ્પાનો ઓફિસેથી ઘરે પાછાં આવવાનો સમય થઈ ગયો છે, તો પછી, કાલે ફરી પાછા આપણે અહીંયા મળશું!''

ખુશખુશાલ હૈયે, ડૂબતા સૂર્યને નીરખતા અમૃતલાલ બાંકડે બેઠા હતા. ત્યાં જ એક સાત આઠ વર્ષનો એક ટાબરિયો બરફનો ગોળો ચૂસતો નિશાળેથી ઘર તરફ જઈ રહ્યો હતો. તેણે બસ પોતાની મસ્તીમાં જ આરામથી બાંકડે બેઠેલા અમૃતલાલને પૂછી નાખ્યું, ''કેમ દાદાજી, લહેરમાં ને?''અમૃતલાલનું મન ગુલમહોરના વૃક્ષ સમું મહોરી ઊઠ્યું. ''અરે માણસ જેટલું આ નગરને વગોવે છે એવું હજી આ નગર નથી! હજી, ભલાં લોકોને એકમેકનાં સુખદુઃખમાં રસ છે ખરો!'' ખુશીનાં હેલે ચડેલા અમૃતલાલે એક પળ માટે ઘડિયાળમાં નજર કરી. ઘડિયાળના બંને કાંટા છ પર આવીને અટકી ગયા હતા. ''અરે સાંજના સાડા છ વાગી ગયા?''

વેદાંતનો ઓફિસેથી ઘરે આવવાનો સમય થઈ ગયો હતો. તેમને થયું, ''ચાલ વેદાંત ઘરે આવી પહોંચે તે પહેલાં હું ઘરે પહોંચી જાઉં. દીકરા વેદાંત સાથે સાંજનું ભોજન ડિનર ટેબલ પર લેવાના સુખદ વિચારે અમૃતલાલ ઘર તરફ જવા ચાલી નીકળ્યા.

આ જોઈ, ક્ષિતિજે ડૂબતો સૂર્ય બિચારો દ્વિધામાં પડી ગયો. "અરે! આ અમૃતલાલ, લાકડીના ટેકા વગર એક ડગ પણ માંડી શકતા નથી, પણ જુઓ તો ખરા, કેવા લહેરમાં આજે ઘર તરફ દોડયા જાય છે!શું ખરેખર, આજ તેમને કોઈ 'કેમ છો?' એમ પૂછવાવાળું મળી ગયું તેની ખુશીમાં કે વધતી ઉંમરનાં કારણે લાકડી બાંકડે ભૂલી ગયા!'' આ દ્વિધામાં અટવાયેલો સૂર્ય ક્ષણ માટે ડૂબવાનું ભૂલી ગયો.

પ્રીતમ લખલાણી-

# ડાંગમાંથી પ્રેરણા લઈને આદિવાસી પ્રભુત્વ ધરાવતા અન્ય જિલ્લાઓ પણ પ્રાકૃતિક ખેતી કરતા થાય : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

પ્રાકૃતિક કૃષિ મહાઅભિયાનને વધુ વેગવાન બનાવવા ગુજરાતની નારી શક્તિને જોડવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરીય પ્રાકૃતિક કૃષિ મહિલા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આજે બીજા દિવસે મધ્ય ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, અને મહીસાગર જિલ્લાની મહિલાઓએ પરિસંવાદમાં ભાગ લીધો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહિલાઓને સંબોધતાં કહ્યું હતું કે, ડાંગ જિલ્લો વિશુદ્ધ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો છે. ડાંગ જિલ્લામાંથી પ્રેરણા લઈને રાજ્યના આદિવાસી વસ્તીનું પ્રભુત્વ ધરાવતા તમામ જિલ્લાઓ પણ સો એ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે પ્રયત્નો કરવા જોઈએ.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રકૃતિની વ્યવસ્થામાં આપણો સહયોગ એ જ સાચી ઈશ્વર પૂજા છે. રાસાયણિક ખેતીથી આપણે ધરતીનું સંતુલન બગાડી રહ્યા છીએ. પ્રાકૃતિક ખેતી ધરતીના સૂક્ષ્મ જીવાણું અને અળસિયા જેવા મિત્ર કીટકની વૃદ્ધિ કરવાની પદ્ધતિ છે, જેનાથી ધરતીની ઉત્પાદન ક્ષમતા વધે છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધૂંધ ઉપયોગથી આપણે ધરતીના સૂક્ષ્મ જીવો અને અળસિયાનો નાશ કર્યો છે. પરિણામે ધરતીનું ઓર્ગેનિક કાર્બન ૦.૫ ટકાથી પણ ઓછું થઈ ગયું છે. ભૂમિ વેરાન થઈ ગઈ છે. અગાઉ અઢી એકર જમીનમાં ૧૩ કિલો યુરિયા / ડીએપી નાખતાં ખેતી થઈ શકતી હતી. હવે અઢી એકરમાં ૩૦૦ કિલો યુરિયા /ડીએપી જેવા રાસાયણિક ખાતર નાખ્યા પછી પણ ઉત્પાદન ઓછું મળી રહ્યું છે.

રાજ્યપાલશ્રીએ સમજાવ્યું કે, સો કિલોગ્રામ રાસાયણિક ખાતર ધરતીમાં નાખીએ તે પૈકી ૩૦ થી ૩૩ % જ ખેતપેદાશ ગ્રહણ કરે છે. બાકીનો ભાગ હવામાં ભળી જાય છે અને પાણી સાથે ભૂમિમાં ઉતરી જાય છે. પરિણામે જળવાયુ પ્રદૂષણની ગંભીર સમસ્યા સર્જાય છે. હવામાં ભળતું યુરિયા કાર્બનડાયોક્સાઈડ કરતાં ૩૧૨ ગણું વધારે ખતરનાક છે. ગ્લોબલ વોર્મિંગ માટે રાસાયણિક ખેતી ૨૪ % જવાબદાર છે. રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ્સથી ખેત ઉત્પાદનો ઝેરીલા બન્યા છે. એ આરોગવાથી જીવલેણ રોગ વધ્યા છે. આ તમામ પરેશાનીઓમાંથી બહાર આવવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એકમાત્ર ઉપાય છે અને એ માટે મહિલાઓ મોટું યોગદાન આપી શકે તેમ છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહિલાઓને પ્રાકૃતિક ખેતી કરવાના સંકલ્પ લેવડાવ્યા હતા અને કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમ ઘર આંગણે વિનામૂલ્યે આપવામાં આવી રહી છે, તેનો લાભ લઈને પૂરી પ્રમાણિકતા અને પદ્ધતિસર પ્રાકૃતિક ખેતી કરો. પોતાનું મોડેલ ફાર્મ તૈયાર કરો અને અન્ય મહિલાઓ-ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત કરો. પ્રાકૃતિક ખેતીથી ભૂમિ ઉપજાઉ બનશે. પહેલા જ વર્ષે યોગ્ય ઉત્પાદન મળશે અને વર્ષો વર્ષ ઉત્પાદન વધતું જશે. ઉત્પાદન ખર્ચ ઓછો થતો જશે અને ખેતપેદાશોનું મૂલ્ય પણ વધતું જશે, એટલે આવક પણ વધશે. લોકોનું સ્વાસ્થ્ય સુધરશે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 126**
નામ : મોહનભાઈ આનંદ
શબ્દ: ૩૫૦
વિષય: સાચું સગપણ
શિર્ષક: અતૂટ સંબંધ

આપણું સાચું સગું કોણ? આ ખૂબ મહત્વપૂર્ણ શબ્દ છે.તમે પોતે કોણ છો?પ્રથમ એ જાણવું જરૂરી છે, અને તમારી સમજણ અને બુદ્ધિ અનુસાર,પરિસ્થિતિ મુજબ સંબંધોની પરિભાષા સમજી  સત્ય નજીક પહોંચવું જોઈએ. તો સમજાય કે સાચું સગપણ કે સંબંધ શું છે?

દેહ અધ્યાસ માં સહજ સરળ સમજણ એટલી જ કે હું અમુક ધર્મ જાતિ વર્ણ, પુરુષ, સ્ત્રી, ઈત્યાદિ, કોઈ નો પુત્ર, પિતા વગેરે એક નામ અને એનાં સાથે જોડાયેલા સંબંધો ઋણાનુબંધ, એટલે કે લોહીના તથા જગત સાથે વ્યવસાય કે વ્યવહાર માટે સ્થાપિત એટલે કે સંપાદિત કરેલા સંબંધો. તમારા શરીર ,મન બુદ્ધિ ચિત્તમાં પરોવાઈ ને અહંકાર પોષતા દુન્યવી જંજાળ ના સબંધો છે, જે સુખ અને દુખ આપે છે, આનંદ આપતાં નથી.

દુનિયામાં આપણે જન્મદાત્રી માતા પિતા અને કુટુંબની સાથે ભાવનાત્મક અનુભૂતિથી જોડાયેલા છે.તેથી એ સંબંધોમાં ત્યાગ અને સમર્પણથી સંબંધ કે સગપણને ટકાવી રાખીએ છીએ.પરંતુ આખરે તો એ સ્મશાનમાં એ સંબંધો છૂટી જાય છે. દુનિયા ના વ્યવહારુ સંબંધો આજીવિકા માટે કે પછી કોઈ અન્ય કાર્ય અને કારણથી જોડાયા છે. જે સ્વાર્થની પૂરતું ટકી રહે છે.
શાશ્વત હોતા નથી.

વાસ્તવમાં તો સમ +બંધ= સંબંધ  જ્યાં સમ્યક દર્શન છે, સમાનતા નો ભાવ છે, સર્વે પ્રત્યે સહાનુભૂતિ કરુણા પ્રેમ અને વિશ્વાસની લાગણી છે.અને
બધાના કલ્યાણની ભાવના છે,એ સંબંધો ભલે શરીર સાથે તાદાત્મ્ય સાધ્યું હોય છતાં ફળદાયી છે. જીવન ને એ ગતિશીલતા આપે છે અને પરિણામે માનવ સમૃદ્ધ થાય છે.

એક જીવ અને  ચેતના, ગુણાત્મક પ્રકૃતિમાં જોડાઈને, અહંકારથી પુષ્ટ થઈ હું કરું છું એ ભાવનાથી દેહ અધ્યાસમાં જોડાઈ જાય છે,એસંબંધો કર્મોના બંધનમાં હું મારું એ ભોગ  ભોગવી કાળક્રમે વિલિન થઈ જાય છે.

જ્યારે હું ચૈતન્ય વિલાસમાં તદ્રૂત છું, મારો સંબંધ જીવમાત્ર પ્રત્યે એક કરુણા અને પ્રેમનો છે ,એ શાશ્વત છે, સર્વધર્મ સમભાવ,
સર્વ જીવોનું સામાજિક ધાર્મિક આર્થિક રીતે ઉત્થાન થાય અને ધર્મ તરફ ગતિ થાય તો, ઈશ્વર એની બનાવેલી સૃષ્ટિના શાશ્વત સંબંધની ગરિમા સમજાય.ઈશ્વરીય લીલા અને એની અનુકંપા સમજાય ત્યારે ચેતના ગુણાત્મક ભાવથી ઉપર ઊઠીને શાશ્વત સાથે જોડાય , ત્યારે આનંદની અનુભૂતિ થાય.એજ સાચું સગપણ છે. બાકી બધું ઈશ્વરની  માયાનું સામ્રાજ્ય માત્ર છે .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO.0101***
★વિષય: સાચું સગપણ★
★પ્રકાર: ગદ્ય નિબંધ★
★શબ્દ: ૩૨૬★
★લેખક: ભરત સાંગાણી★

શીર્ષક: સાચું સગપણ

મીઠો આવકાર, મીઠો શબ્દમાં કેટલી મીઠાશ ભરી છે.
આવો, આવો, કોઈક આપણને અત્યંત ખુશીથીઆવકારે અને ઘરના સૌના ચહેરા પર આપણાં આગમનથી આનંદ છવાઈ જાય, તે ક્ષણ અમૂલ્ય છે. અંગઅંગમાં સકારાત્મક કંપન ઉભરાવા લાગે. સંબંધોની ઉષ્મા દિલ અને દિમાગને આલ્હાદક તાજગી બક્ષે.
આપણે જીવન એવું જીવીએ, જ્યાં જઈએ ત્યાં સદાય મીઠો આવકાર મળે. ભગવાન પાસે જઈએ તો તે પણ ઉમળકાથી સ્વાગત કરે.
કોઈ કદાચ આ નહીં માને. પણ કૃષ્ણ સાથે મારી મુલાકાત થઈ છે. એ, આ ક્ષણે, હું લખી રહ્યો છું અને તમે તે લખાણ વાંચી રહયા છો, એના જેટલું જ સાચું છે.
કૃષ્ણના વૈકુંઠ દ્વારે હું પહોંચી ગયો. મને જોતાં વેંત જ, કૃષ્ણ, મારી તરફ ધસી આવી મારા બે હાથ એમના બે હસ્તમાં વાત્સલ્ય ભાવે ઝાલી કહે, આવ. હું તારી જ રાહ જોતો હતો.
મેં હર્ષોલ્લાસથી તેમની સામે જોયું. તેઓ મરક મરક હસતાં મારી સામે જોઈ રહ્યાં હતાં.
મેં કહ્યું હજારો વરસથી તારી તલાશમાં ભૂલોક પર ભટકી રહ્યો હતો. એક દિવસ મહાપ્રભુજી મળ્યા, મીઠો આવકાર આપતાં મારો ખભો થાબડયો, મને કહે, ચાલ. તને પ્રભુ સાથે સંબંધ કરાવું. મને તમારું સરનામું આપ્યું.
કૃષ્ણ કહે, મહાપ્રભુજી વલ્લભાચાર્ય જીવનો તાર મારી સાથે બાંધી આપવા જ પૃથ્વી પર અવતારીત થયાં છે.
પિતાને ખોવાયેલો પુત્ર પાછો મળતાં જેટલી ખુશી ઉપજે તેટલી જ ખુશી મને મારા અંશ- મારા ભક્તને મળતાં થાય છે. તારાં વૈકુંઠ આગમનથી હું ઘણો ખુશ છું.
કૃષ્ણ મારી સાથે વાતોએ વળગ્યાં. હું એમના તેજમાં ઓગળતો ગયો.
કૃષ્ણના પ્રિય સખા અર્જુનને કદાચ મારી ઈર્ષ્યા થતી હશે.
લાગણીઓથી અભિભૂત મારાં મુખમાંથી શબ્દો સરી પડ્યાં...
"હું રંક સેવક તારો, તું ધન મારું
વહ્યા ભવ અનેક, સાચું સગપણ તારું"
આ અદભૂ અનુભૂતિનું ભાથું લઈ ઊભા થતાં મેં કહ્યું, આ ધન્ય ઘડી, તારો સાક્ષાત્કાર સદા તું તારા ભક્તોને કરાવતો રહેજે.
કૃષ્ણ મારી લટ સરખી કરતાં, સ્મિત સહ કહે, હું તો ભક્તોનો ઋણી છું.
આપણાં રહદયમાં સાચો ભાવ હોઈ તો, કૃષ્ણ આપણને-માણસને એની તમામ અપૂર્ણતા સાથે ચાહે છે. એનો આગ્રહ પૂર્ણતાનો નથી, ભક્તિનો છે.
કૃષ્ણ પ્રત્યે દઢ ભક્તિ હશે, તો કૃષ્ણ બે હાથ ફેલાવી આવકાર આપવા ઉંબરે ઊભો જ છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
વિષય : સાચું સગપણ
લેખિકા: ગ્રીષ્મા પંડ્યા
સાચું સગપણ ००
००००००००००००००००००००

આમ જુઓ તો સંબંધોની માયાજાળ મનુષ્યના જન્મ લેવાની સાથે જ શરૂ થઈ જાય છે.સંબંધોના બંધન આપોઆપ સ્થપાઈ જતા હોય છે.સૌથી કઠિન તો છે સાચા સગપણને ઓળખવાનો.  જેની સાથે જ્યારે સંબંધ બંધાય ત્યારે તે વ્યક્તિમાં રહેલી સારી નરસી દરેક આદતો સાથે જ થયેલો સ્વીકાર. જો સંબંધને કાયમી બાંધવો હોય તો તેને માટે ઘણું બધું જતું કરવું પડે.

બીજી બાજુ જોઈએ તો એવો પણ વિચાર આવે કે, શું સંબંધમાં બધી પ્રશંસનીય બાબત જ હોવી જોઈએ?જેમ જેમ વ્યક્તિની નજીક જઈએ તેમ તેમ તેનામાં રહેલી ખૂબીને બદલે ખામી વધુ દેખાવા લાગે એવું પણ બને.જો એમ થાય ક્યારેક કે બેથી  વધુ વ્યક્તિઓનું સમયાંતરે મળતા રહેવું, પહેલા અચાનક મળ્યા પછી એમ લાગે કે આ તો મળવા જેવા માણસ છે! ફરીથી જ્યારે દિલથી મળીએ ત્યારે સંબંધ પ્રસ્થાપિત કર્યો કહેવાય.પછી એ જ પ્રસ્થાપિત થયેલા સંબંધને 'યેન કેન પ્રકારેણ' સાચવવાની પરાકાષ્ઠા સુધી પહોંચવા પ્રામાણિક પ્રયત્નો જીવનભર કરવાના.દરેક પરિસ્થિતિનો સ્વીકાર કરીને પણ સંબંધોની સાચવણી કરવામાં આવે છે.

સાવ કાચા એવા સૂતરના તાંતણે જ્યારે ફૂલોની માળા ગુંથાય છે ત્યારે એ તાંતણાની નજાકત કોઈ નથી જોતું.વડવાઈઓ પણ વડનાં અવિભાજ્ય અંગ તરીકે વડને વધારાનો ટેકો આપતી થઈ જાય છે.આમ, જ્યારે સંબંધો અને લાગણીઓ સચવાઈ જાય ત્યારે એક અલૌકિક અનુભૂતિ કરાવે છે આપણને આજીવન!
અમૂક સંબંધોને આપણે સ્થાપવા નથી પડતાં,પરંતુ કંઈક વિશેષ રુપે સાચવવા તો પડે જ છે. દરેક વ્યક્તિનો સ્વભાવ 'તુંડે તુંડે મતિર્ભિન્ના'.છતા દરેકની આગવી ઓળખને ધ્યાનમાં રાખીને જો સંબંધોની સાચવણી કરવામાં આવે તો તે સ્વયંસિધ્ધિ જ કહેવાય.

એક નાનકડા ઉદાહરણ દ્વારા સમજાવી શકાય કે,એક ગામમાં પોતાની શેરીમાં બાળકો બૉલ રમતા'તા.શાળામા રજા હોવાથી બધાં મસ્તીનાં મૂડમાં હતાં.અચાનક કોઈ એક બાળકને માથામાં બૉલ વાગ્યો.બસ, પછી તો પૂછવું જ શું? એકબીજા પર દોષ!એ બાળકના મા-બાપ પણ ન બોલાય એવું જોર જોરથી બોલવા લાગ્યા.આ લડવાઢને કારણે ઈજા પામેલા બાળકને તો કોઈ જોતું પણ ન હતું.'કોઈ ડૉક્ટરને બોલાવો' બધાં એકબીજાને સૂચના આપવા લાગ્યા.થોડી જ વારમાં એક ડૉક્ટર આવી ગયા અને બાળકને પાટાપીંડી કરી પછી બાળક રમતો પણ થઈ ગયો.હવે યક્ષપ્રશ્ન એ હતો કે ડૉક્ટરને બોલાવ્યા કોણે? કોઈ બોલ્યું કે સામે રહે છે તે શ્યામભાઈએ! એકદમ સોપો પડી ગયો હતો.એ માણસ કદી કોઈની સાથે ઝાઝી વાત ન કરતો.હંમેશા અળગો
આભાર - નિહારીકા રવિયા  રહેતો.પણ આજે એણે વગર બોલ્યે ખરા અર્થમાં સંબંધ સાચવી જાણ્યો.

કહેવાનો અર્થ એ જ છે કે, સાચું સગપણ એ લોહીનું જ હોવું જરૂરી નથી.ઘણા માણસોની પ્રકુતિ જ એવી હોય છે.અણી વખતે ઊભા રહેવું.કોઈ હોબાળો નહીં, કોઈ દેખાડો નહીં, કામ પુરતી વાત, છતાં બધાને માટે કંઈક કરી છૂટવાની ભાવના.સો વાતની એક વાત, અણી વખતે એકબીજાને સાચવી જાણે એ જ સાચું સગપણ.
અસ્તુ०००
००००ગ્રીષ્મા પંડ્યા ००००

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: ક્રૂડ તેલ રૂ.૪૫ સુધર્યું

## સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૩,૭૩૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૩૮૩૮૬ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૩ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩,૦૦૫.૭૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. સોનાનો ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૬૧૯ના ભાવે ખૂલી, રૂ.૫૫ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૬૧,૫૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ચાંદીનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૭૪,૮૦૬ના ભાવે ખૂલી, રૂ.૧૦૧ના ભાવઘટાડા સાથે રૂ.૭૪,૭૦૫ બોલાઈ રહ્યો હતો. ક્રૂડ તેલનો ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૪૫ સુધરી રૂ.૬,૩૧૨ બોલાયો હતો. કોટન-ખાંડીનો નવેમ્બર વાયદો ખાંડીદીઠ રૂ.૨,૦૨૦ના ઉછાળા સાથે રૂ.૫૭,૩૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

સોમવારે ગુરૂનાનક જયંતી નિમિત્તે પ્રથમ સત્રનાં કામકાજ બંધ રહ્યા હતા, જ્યારે બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યા હતા. સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૬,૫૪,૮૭૩ સોદાઓમાં કુલ રૂ.૫૨,૧૩૪.૨૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૩,૭૩૫.૬૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૮૩૮૬.૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧,૧૮,૫૪૯ સોદાઓમાં રૂ.૧૦,૦૯૭.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૫૯૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૬૯૧ અને નીચામાં રૂ.૬૧,૪૫૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૭૬ વધી રૂ.૬૧,૫૪૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૮૦ વધી રૂ.૪૯,૫૦૦ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭૫ વધી રૂ.૬,૦૮૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૫ વધી રૂ.૬૧,૫૫૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૫૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૭૮૪ અને નીચામાં રૂ.૭૪,૧૧૪ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૯૨૨ વધી રૂ.૭૪,૮૦૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૫૦ વધી રૂ.૭૪,૮૧૨ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૮૫ વધી રૂ.૭૪,૬૮૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૪,૯૨૯ સોદાઓમાં રૂ.,૫૨૦.૮૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ નવેમ્બર વાયદો રૂ.૭૧૪.૭૫ના ભાવે ખૂલી, રૂ.૨.૯૫ ઘટી રૂ.૭૧૨.૭૫ જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૫ ઘટી રૂ.૨૦૩.૪૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૦ ઘટી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ ઘટી રૂ.૨૨૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૬૫ ઘટી રૂ.૨૦૧.૩૦ સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૧૮૭.૮૫ જસત-મિની નવેમ્બર વાયદો રૂ.૦.૯૫ વધી રૂ.૨૨૬.૬૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૮૩,૮૯૮ સોદાઓમાં રૂ.૩,૧૧૫.૨૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૩૨૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૬૭ અને નીચામાં રૂ.૬,૧૫૬ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૭૮ ઘટી રૂ.૬,૨૬૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૮૦ ઘટી રૂ.૬,૨૭૩ બંધ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૮ના ભાવે ખૂલી, રૂ.૭.૭૦ ઘટી રૂ.૨૩૦.૧૦ અને નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો ૭.૫ ઘટી ૨૨૯.૯ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં રૂ.૨.૧૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૫,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૬૦૦ અને નીચામાં રૂ.૫૫,૦૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૪૮૦ ઘટી રૂ.૫૫,૩૬૦ના સ્તરે પહોંચ્યો હતો. કોન્ટ્રેક્ટ દીઠ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૭૩૦.૮૭ કરોડનાં ૬,૦૪૧.૧૦૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬,૩૬૬.૪૯ કરોડનાં ૮૩૭.૨૪૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૭૩.૬૩ કરોડનાં ૧,૭૦૮,૧૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨,૦૪૧.૬૫ કરોડનાં ૮૪,૯૮૨,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૪૬.૨૯ કરોડનાં ૨,૨૭૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૭.૧૩ કરોડનાં ૧,૪૪૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૨૧૯.૭૩ કરોડનાં ૩,૦૫૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૨૭.૬૭ કરોડનાં ૧૦,૦૦૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૧૭ કરોડનાં ૩૮૪ ખાંડી વાયદામાં ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બીજા સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૯૨.૬૬૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૪૧.૬૮૧ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૮૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૧૭૪ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૫૬૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૧૯,૩૨૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૩૭૩,૩૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬૭,૩૧૧,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૮,૧૬૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ટનના સ્તરે રહ્યો હતો.

સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૨.૫૬ કરોડનાં ૧૫૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૩૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૨૮૬ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૩૪૦ અને નીચામાં ૧૬,૨૮૦ બોલાઈ, ૬૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૩૩ પોઈન્ટ વધી ૧૬,૩૧૬ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૩૮૩૮૬.૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૩૫૬.૬૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૦૪૬.૫૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૧૬૫૫.૧૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૨૫.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૧૧૩૯.૨૮ કરોડનું થયું હતું.

સોમવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં

આભાર – નિહારીકા રવિયા રૂ.૨૭૦.૨૦ અને નીચામાં રૂ.૧૬૭.૧૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૫૧.૩૦ ઘટી રૂ.૨૧૭.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૨૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬.૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૮.૨૦ અને નીચામાં રૂ.૧૫.૯૦ રહી, અંતે રૂ.૪.૯૫ ઘટી રૂ.૧૭.૬૫ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૦૦ અને નીચામાં રૂ.૭૦૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૩૩ વધી રૂ.૮૨૭ થયો હતો, જ્યારે સોનું-મિની ડિસેમ્બર રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૭૪ અને નીચામાં રૂ.૩૧૦ રહી, અંતે રૂ.૨૧૩.૫૦ વધી રૂ.૫૨૩.૫૦ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩,૩૫૫ના ભાવે ખૂલી, રૂ.૫૯૪.૫૦ વધી રૂ.૩,૪૦૫.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૩,૨૯૦ના ભાવે ખૂલી, રૂ.૬૧૫.૫૦ વધી રૂ.૩,૨૯૪.૫૦ થયો હતો. તાંબુ ડિસેમ્બર રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૮ ઘટી રૂ.૯.૯૯ જસત ડિસેમ્બર રૂ.૨૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦ કોઈ ફેરફાર વગર રૂ.૫.૨૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૩૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૦ અને નીચામાં રૂ.૨૧૧.૨૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૨૯.૧૦ વધી રૂ.૨૬૧.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૨૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨ ખૂલી, ઉપરમાં રૂ.૧૬.૬૫ અને નીચામાં રૂ.૧૨ રહી, અંતે રૂ.૨.૩૦ વધી રૂ.૧૨.૭૫ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૪૦ અને નીચામાં રૂ.૪૭૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૧૦ ઘટી રૂ.૪૮૬ થયો હતો, જ્યારે સોનું-મિની ડિસેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૦ અને નીચામાં રૂ.૩૨૫ રહી, અંતે રૂ.૬૩.૫૦ ઘટી રૂ.૩૬૧ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૮૭ના ભાવે ખૂલી, રૂ.૩૫૯ ઘટી રૂ.૧,૯૧૧ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૧૭ ઘટી રૂ.૧,૯૮૮.૫૦ થયો હતો. તાંબુ ડિસેમ્બર રૂ.૭૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૨.૨૮ વધી રૂ.૫ થયો હતો.

# અસંતોષ

'જબ આવે સંતોષ ધન, સબ ધન ધુરી સમાન'

અસંતોષથી પીડાતા હો તો ડોક્ટર પાસે જવાની જરૂર નથી. પૈસાના પાણી થશે આ અસાધ્ય રોગ જશે નહીં. જે છે તેમાં સંતોષ માનતા શીખો. એવી પરિસ્થિતિમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરો. જો તે શક્ય ન હોય તો મનને કેળવો. મન તમારું સાંભળશે તેની ખાત્રી હું આપું છું.

અમારી બાજુમાં શાંતિકાકા અને સુલોચના કાકી મોટા ઘરમાં રહેવા આવ્યા. સુંદર મજાનું ઘર, બાળકોની શાળા પણ નજીક હતી. મારા પતિ અમેરિકાથી ભણીને આવ્યા હતા એટલે કંપની તરફથી સરસ ત્રણ બેડરુમનો ફ્લેટ અને ડ્રાઈવર વાળી ગાડી પણ હતી.

શાંતિકાકા બીજી વાર પરણ્યા હતા એટલે તેમનો નાનો દીકરો મનોજ અને મારો દીકરો સત્ય ઉમરમાં સરખા હતા. બંને જણાની દોસ્તી ખૂબ પાકી હતી. બંને જણ સાંજે ઘરે જમશે કે નહી એ કહેવું મુશ્કેલ.

મનોજ સાંજે અમારે ત્યાં જમે કે સત્ય સાંજે એમને ત્યાં, કોઈ ઠેકાણું નહી. સુલોચના કાકીને મારી સાથે સારું બનતું. મારે બહાર જવું હોય તો કહેશે, 'તું જા સત્ય અને મનોજ સાથે રમશે. જરા પણ ચિંતા કરતી નહી. '

સાચે મને ખૂબ નિરાંત હતી. શાંતિકાકાના પૂ. બા સાથે હતા. હંમેશા તેમનું ઘર ખુલ્લું હોય. મારે કામવાળી પણ છૂટક હતી. ઘર બહાર જવું હોય તો બારણે ગોદરેજનું તાળું મારવું પડે. જો બાળકો ઘરમાં રમતા હોય તો 'બા' તેમનું અને ઘરનું ધ્યાન રાખે.

શાંતિકાકા હીરાના વેપારી હતા. નાના પાયા પર શરુ કરેલા ધંધાએ યારી આપી. ચાર માણસમાં તેમની ગણના થાય એવો સ્વભાવ હતો. તેમનું બાળપણ ખૂબ સાદગીમાં વિત્યું હતું. લક્ષ્મી સાથે વિનયે પણ પએઆર્પણ કર્યું હતું. સુલોચના કાકી સારા પાડોશમાં રહેતા તેથી ઉદારતા રાખવાનું શીખી ગયા હતા. શાંતિકાકાના પહેલા પત્ની ત્રીજી સુવાવડમાં ગુજરી ગયા તેથી બાળકો માટે કાકાએ ફરી લગ્ન કર્યા. એમના મોટા બે બાળકો કોલેજમાં હતા. મનોજ અને સત્ય વચ્ચે માત્ર ત્રણ મહિનાનું અંતર હતું.

અમને બંનેને કચકચ કરવાની આદત ન હતી. મનોજની સંગતમાં સત્ય ઘણું શિખતો. બંને મિત્રો સાથે મોટા થતા ગયા. તેમની મૈત્રી ખૂબ રંગ લાવતી. સુલોચના કાકીને દિલમાં ખચકાટ રહેતો કે તેઓ બીજીવારને પરણ્યા હતા. શાંતિકાકા તેમની સાથે ચાલે ત્યારે જુવાન ન લાગે. સુલોચના કાકીનો ઠસ્સો અલગ હતો. સંજોગોને કારણે તેમની લગ્નની ઉંમર પસાર થઈ ગઈ હતી.

સુલોચનાબેનના માતા અને પિતાને શાંતિકાકાનો સ્વભાવ અને આર્થિક પરિસ્થિતિ બંને અનુકૂળ લાગ્યા એટલે દીકરીના લગ્ન કર્યા.

પરિવાર સાથે અમે બહાર નિકળીએ ત્યારે એકીટશે જોયા કરે. એમની આંખોને હું વાંચી શકતી હતી. શાંતિકાકા કરતા ઉંમરમાં પણ ઝાઝો ફરક હતો. બાળપણ ગરીબીમાં ગુજર્યું હતું. મોટી દીકરી હોવાને કારણે નાની બહેનો પરણી ગઈ. તેમના લગ્ન થોડી મોટી ઉંમરે થયા તેથી બીજવર મળ્યો.

સ્વભાવે પ્રેમાળ અને સાધન સંપન્ન શાંતિકાકા સુલોચનાને પરણી ખૂબ ખુશ જણાતા. તેમાં વળી ઘરે દીકરો આવ્યો. પૈસે ટકે ખૂબ નિરાંત હતી.

શાંતિકાકા આધેડ ઉંમરના અને માથે થોડા ધોળા પણ આવ્યા હતા. સુલોચના કાકી સુડોળ અને દેખાવમાં સંદર હતા. દીકરા સાથે બહાર જાય ત્યારે ખુશમિજાજમાં હોય. પતિ સાથે નિકળે ત્યારે મુખારવિંદ પર ચમક ન જણાય. હા, તેમના ચહેરા પર હંમેશા હીરાની ચમક દેખાય.

શાળાના બધા કાર્યક્રમમાં અમે સાથે જતા. સુલોચના કાકી હંમેશા મારી બાજુમાં બેસે. કાકાને કહેશે,' તમે સત્યના પપ્પા સાથે બેસો. ' મને થતું આટલી સુખ સાહ્યબી છે તો પછી શામાટે તેમનું મન કોચવાય છે'?

આમ સત્ય અને મનોજ શાળાનો અભ્યાસ પૂરો કરી કોલેજમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. સત્ય મોટો દીકરો હતો. સુહાની નાની હતી. ઘરમાં મોટી પાર્ટી રાખી હતી. આજે તો હદ થઈ ગઈ. સુલોચના કાકી પાસે સાડી પહેરાવવા ગઈ હતી.

મનોજ તેના પપ્પા સાથે વાત કરતા કહી રહ્યો હતો,' પપ્પા તમે કેમ સત્યના પપ્પા જેવા સરસ દેખાતા નથી '? સત્ય ઉપર સુલોચના કાકીની અસર સ્પષ્ટ પણે જણાઈ આવી !

# ડાંગ જિલ્લા સુબીર તાલુકાના બીલીઆંબા અને જામન્યામાળ ગામે વિનામુલ્યે વારલી ચિત્રકળા વર્કશોપ યોજાયા



વારલી ચિત્રકળા સંવર્ધન ગ્રુપ અને ચિત્ર શિક્ષક મહામંડળ, ગુજરાત રાજ્ય તથા ર્હ્રસ્જી ન્ર્હ., ઉમરગામ કંપનીનાં સૌજન્યથી, ડાંગ જિલ્લાના બીલીઆંબા અને જામન્યામાળ ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં ૫૦ થી વધુ યુવા વિધ્યાર્થીઓ માટે વારલી ચિત્રકળાના વિનામૂલ્યે વર્કશોપનુ આયોજન કરાયુ હતુ. વર્કશોપનો મુખ્ય હેતુ વારલી ચિત્રકળાના વિચાર વિસ્તાર તથા યુવાઓમાં રહેલી સુષુપ્ત શક્તિની ખીલવણી કરી તેને પ્રોત્સાહન પુરુ પાડવુ, તથા ભવિષ્યમાં તેઓ વારલી ચિત્રકળા ક્ષેત્રે વ્યવસાયિક કૌશલ્ય કેળવી આર્થિક રીતે પગભેર થાય તે માટેનો હતો.

વર્કશોપની શરુઆતમાં તજજ્ઞશ્રી યોગેશભાઈ ચૌધરી દ્વારા વિધ્યાર્થીઓને વારલી ચિત્રકળાનાં ઈતિહાસ, તેની પધ્ધતિ તથા લાક્ષણિકતાની પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. તેમજ તજજ્ઞ શ્રી મહેશભાઈ ચૌધરી દ્વારા માનવ આકૃતિઓની વિવિધ લાક્ષણિક મુદ્રાઓનું પાયાગત આકારોનું રેખાંકન તથા તજજ્ઞ શ્રી અનિલભાઈ ચૌધરી દ્વારા પશુ, પક્ષી, ઘર અને વૃક્ષનાં આકારોનું રેખાંકન શીખવવામાં આવ્યુ હતું.વારલી ચિત્રની લાક્ષણિકતાઓ અને કલર સ્કીમની માહિતી આપ્યા બાદ આદિવાસી કે ગ્રામ્ય જનજીવનનાં નાના-નાના પ્રસંગો, ક્રીયાઓ, ઉત્સવ, વારતહેવાર દ્રશ્યોને આવરી લેતાં ચિત્રોનું સર્જન કરાવી, અને તેમાં સફેદ રંગો દ્વારા સંપુર્ણ અને આકર્ષક વારલી ચિત્ર બનાવવાનું શીખવવામાં આવ્યુ હતું. તજજ્ઞશ્રીઓ દ્વારા વારલી ચિત્રની પાયાની સમજ અને પ્રાયોગિક કાર્ય દ્વારા વિધ્યાર્થીઓને વારલી ચિત્રકળા સંદર્ભે માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યુ હતું. ર્હ્રસ્જી ન્ર્હ. કંપની ઉમરગામ દ્વારા હાજર તમામ વિધ્યાર્થીઓને ડ્રોઈંગ કીટ પણ આપવામા આવી હતી.આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિત્રશિક્ષક મહામંડળ ગુજરાત રાજ્ય પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે શ્રી જયેશભાઈ પટેલ, સિનિયર આર્ટિસટ ર્હ્રસ્જી ન્ર્હ. કંપની ઉમરગામ તેમજ વારલી ચિત્રનાં તજજ્ઞ તરીકે શ્રી મહેશભાઈ ચૌધરી, વારલી આર્ટિસ્ટ, વેડછી (વાલોડ) જિ.તાપી, શ્રી અનિલભાઈ ચૌધરી, ઉપ શિક્ષક, તડકેશ્વર કન્યા શાળા, તા.માંડવી જિ.સુરત, શ્રી યોગેશભાઈ ચૌધરી, વ્યારા, જિ.તાપી, (વારલી ચિત્રકળા સંવર્ધન ગ્રુપ) વ્યારા-તાપી ઉપસ્થિત રહ્યા હતા.

# દૂધ મંડળીઓની નોંધણીને લઈ બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની રાજ્ય રજિસ્ટ્રારને રજૂઆત...



"ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજ્ય રજિસ્ટ્રારના પરિપત્ર અન્વયે સાબરકાંઠા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (સાબર ડેરી) માં સૂચિત મંડળીઓની નોંધણી કરવા તથા તમામ નોંધાયેલી મંડળીઓને સભાસદ બનાવ્યા બાદ નવીન મતદાર યાદી બહાર પાડી ચૂંટણી કાર્યવાહી હથધરવા અને પરિપત્રનો અમલ કરાવવા વિનંતી કરી"...

તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારની રજૂઆતના પગલે રાજ્ય રજિસ્ટ્રાર, સહકારી મંડળી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા અમૂલ અંતર્ગત આવતી જે દૂધ મંડળીઓ સભાસદ ન હોય તેવી દૂધ મંડળીઓને સભાસદ બનાવી તે દૂધ મંડળીઓને રજિસ્ટર કરવા પરિપત્ર કરવામાં આવ્યો હતો, અને આ પરિપત્રના અનુસંધાને રાજ્ય રજિસ્ટ્રારશ્રી દ્વારા તમામ જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓને ટપાલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ફેડરેશન મારફત તમામ સંઘોને તાત્કાલિક દિન - ૩૦ માં પોતાના કાર્યક્ષેત્રમાં આવતી તમામ સૂચિત દૂધ મંડળીઓની નોંધણી કરવી તથા તમામ નધાયેલી મંડળીઓને સંઘ સભાસદ બનાવવી અને તા.૧૯/૧૧/૨૦૦૮ ની કલમ - ૧૬૦ હેઠળના આદેશોનું ચુસ્ત પણે પાલન થાય તે જોવા અનુરોધ કરવામાં આવ્યો છે...

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજ્ય રજિસ્ટ્રાર અને ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો અને પશુપાલકોના હિતમાં લેવાયેલા આ નિર્ણયને આવકાર્યો છે. સાથે સાથે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજ્ય રજિસ્ટ્રારના પરિપત્ર અન્વયે સાબરકાંઠા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. (સાબર ડેરી) માં સૂચિત મંડળીઓની નોંધણી કરવા તથા તમામ નોંધાયેલી મંડળીઓને સભાસદ બનાવ્યા બાદ નવીન મતદાર યાદી બહાર પાડી ચૂંટણી કાર્યવાહી હથધરવા અને પરિપત્રનો અમલ કરાવવા વિનંતી કરી છે...

# કચ્છનાં રાપરમાં છરીની અણીએ ૧૨.૭૯ લાખ લૂંટી લૂંટારા રફુચક્કર

રમેશ ગોસ્વામી "સારથિ"

કચ્છ: બનાવ થી ચકચાર પ્રસરી જવા પામી હતી. આ અંગે મળતી માહિતી મુજબ રાપરના ત્રમ્બો ચાર રસ્તા નજીક આવેલા મોરબીયા પેટ્રોલ પંપથી કર્મચારીઓ લાલુભા જાડેજા અને કિશોર સોઢા આજે સપ્તાહના પ્રથમ દિવસે બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં રૂ.૧૨,૭૯,૩૨૦ની રકમ જમા કરાવવા બાઈક ઉપર જતા હતા. દરમિયાન સવારના ૧૦.૪૫ વાગ્યાની આસપાસ બે અજાણ્યા ઈસમોએ બાઈક સાથે તેમનું બાઈક ટકરાવી, ધારદાર હથિયાર વડે કર્મચારી ઉપર હુમલો કરી રૂપિયા ભરેલી બેગની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. હુમલામાં લાલુભાને ગંભીર ઈજા પહોંચતા પ્રથમ રાપર સિવિલ હોસ્પિટલમાં સારવાર બાદ વધુ સારવાર માટે સામખિયાળીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. લૂંટની ઘટનાના પગલે સમગ્ર પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી છે. હાલ લૂંટારુઓને ઝડપી પાડવા પોલીસે નાકાબંધી સહિતના ચક્રો ગતિમાન કર્યા છે. બનાવ થી પોલીસ બેડાં માં દોડધામ મચી ગઈ હતી.

# ગાંધીનગર ચેસ એસોસિએશન દ્વારા યોજાઈ ઓપન ચેસ ટુર્નામેન્ટ

ગાંધીનગર ખાતે તાજેતરમાં ચેસ એસોસિએશન દ્વારા ઓપન ગુજરાત ચેસ સ્પર્ધા નું આયોજન કરાયું હતું. આ સ્પર્ધા માં સમગ્ર રાજ્યમાંથી ૧૫૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં ૫૦% થી વધુ સ્પર્ધકો ઓલ ઈન્ડિયા રેન્કિંગ ધરાવતા હતા.

આ સ્પર્ધા માં ઓપન કેટેગરી માં પ્રથમ ક્રમે શ્રી શૈલેષ રાવલ રૂ ૪૦૦૦, દ્વિતિય શ્રી અંકિત ચુડાસમા અને તૃતીય ક્રમે શ્રી સંતોષકુમાર સિંહાએ રોકડ પુરસ્કારો પ્રાપ્ત કર્યા હતા. અંડર ૧૫ ગ્રુપ માં શ્રી કર્મ શાહ, શ્રી કવન પટેલ અને અનંત ગૌતમ અનુક્રમે પ્રથમ દ્વિતિય અને તૃતીય સ્થાને રહ્યા હતા. અંડર ૧૨ ગ્રુપ માં અનુક્રમે દિયાન ભાવસાર, અનય ત્રિવેદી, અને વિશ્વનાથ સિંઘ રહ્યા હતા તેમને ટ્રોફી એનાયત કરાઈ હતી, જ્યારે અંડર ૯ ગ્રુપ માં અનુક્રમે રુદ્ર તિવારી, આયનશી બેનગડે, અને આરીની સિંઘ ને ટ્રોફી અપાઈ હતી. બાળકોના દરેક ગ્રુપ માં ક્રમાંક ૪ થી ૧૦ ને મેડલ અપાયા હતા.આ સ્પર્ધા માં મુખ્ય આયોજક શ્રી પી. એમ. ઝાલા, તેમજ સહયોગી શ્રી હરીશ આસનાની, શ્રી ચિંતન ખસટીયા, શ્રી ડી ડી ઐયા, શ્રી લક્ષ્મણસિંહ આર રાજપૂત, શ્રી વાસુદેવ રાંદેરીયા વગેરે એ સેવાઓ આપી હતી.




માં જ્યોતિબા ફૂલે પુણ્યતિથિ ની ઉજવણી કરવામાં આવી નેશનલ પેરા મેડિકલ એજ્યુકેશન નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા ફુલહાર કરી તેઓના જીવન પર વ્યાખ્યાન આપીને વિદ્યાર્થી મિત્રોને માર્ગદર્શન આપવામાં આવ્યું સાથે ફૂલહાર કરી ઉજવણી કરવામાં આવી

# ભૂખ્યાને ભોજન આપવું એ જ મહાદાન, મનુષ્ય સાથે પશુ, પક્ષીનાં ભોજનની પણ ખેવના કરો



ભોજન એટલે કે ખોરાક એ દરેક મનુષ્ય તેમજ દરેક જીવંત પ્રાણીની પ્રથમ અને મહત્વપૂર્ણ જરૂરિયાત છે. આ વિશ્વમાં બધા જ માનવી બે વખતની રોટી કમાવવા માટે જ આખો દિવસ મહેનત કરતા હોય છે, જેથી તેનો પરિવાર ભૂખ્યો ન સૂવે. ભોજન વગર આ પૃથ્વી પર માનવજીવન અશક્ય છે.

ભૂખમાં તળપતા પશુ, પક્ષી, પ્રાણી કે વ્યકિતને ભોજન દેનારના અંતરમાં કદાચ થોડો સંતોષ કે દાન દેવાનો આનંદ થતો હશે, પરંતુ ભોજન પ્રાપ્ત કરનારના અંતરમાં ઈશ્વરનો વ્યકત થતો ઉદ્દગાર બહુ શક્તિમાન હોય છે અને એ ઉદ્દગાર ભોજન આપનારને જીવનભર ન્યાલ કરી દે છે. તરસ્યા પ્રાણીને જળપાન કરાવવા માટે તો ધનપતિઓ ઠેકાણે ઠેકાણે પરબો બંધાવે છે મદદ મેળવનારનાં ચહેરાની ખુશી અને મસ્તી, ખરેખર ભગવાનનાં મુખાંરવિંદનું મંદ મંદ હાસ્ય હોય છે. કહેવાય છે કે ભક્તિ ભોજનમાં હોય તો ભોજન પણ પ્રસાદ બને છે.

મંદિરે જાવ ત્યારે એક પ્રાર્થના આવી પણ કરજો હે પરમાત્મા ! ભૂખ્યાને ભોજન દે, તરસ્યા ને પાણી દે, દુઃખમાં હોય એને સમજ શકિત દે અને દર્દમાં હોય તેને સહનશક્તિ દે.

ભગવત ગીતામાં કહ્યું છે કે, ‘જીવિત અસ્તિત્વ ધરાવતી દરેક વસ્તુ, પ્રાણી હોય કે માનવ, તો જ શાંતિથી અને ચિંતામુકત જીવી શકે જો તેની પાસે પર્યાપ્ત ખોરાક હોય. દરેક જીવનાં અસ્તિત્વ માટે ખોરાક જરૂરી છે. ખોરાક વરસાદથી પેદા થાય છે અને વરસાદ પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યેનાં ત્યાગનાં આધારે જ થાય છે. પરમાત્મા પ્રત્યેનાં સમર્પણ અને ત્યાગ વૈદિક ક્રિયાઓમાંથી ઉદ્ભવે છે.’ મનુષ્ય સાથે પશુ, પક્ષીનાં ભોજનની પણ ખેવના કરો.

# વિકાસનો લાભ સામાન્ય માણસોને કેમ ન મળે, અને માત્ર ધનવાનોને જ કેમ મળે? સરકારે કોનું કલ્યાણ કરવાનું, માત્ર ધનવાનોનું?

મુંબઈથી અમદાવાદની બુલેટ ટ્રેન ? ૧.૧૦ લાખ કરોડના ખર્ચે આવી રહી છે. શું આ બુલેટ ટ્રેન જરૂરી છે? કે પછી રેલવેમાં અન્ય સુવિધાઓ પાછળ એ ખર્ચ કરવાની જરૂર છે? ભારતમાં પ્રાથમિકતા શી હોવી જોઈએ? એક ટુ ટાયર એસી અને થ્રી ટાયર એસી કોચ બાંધવાનો ખર્ચ આશરે ? ૧.૫ કરોડથી ? ૩.૦ કરોડ આવે છે. એટલે મુંબઈની લોકલ ટ્રેનનો એસી કોચ બાંધવાનો ખર્ચ ? ૧.૫ કરોડથી વધુ થાય જ નહિ. એટલે ૧૨ ડબ્બાની લોકલ એસી ટ્રેન બાંધવાનો ખર્ચ ૧૮ કરોડ ? થાય. માટે મુંબઈની બધી ૨૭૪ ટ્રેન એસી કરી નાખવામાં આવે તો ? ૫૦૦૦ કરોડનો ખર્ચ થાય.

બુલેટ ટ્રેનનો ખર્ચ ? ૧.૧૦ લાખ કરોડ અંદાજવામાં આવ્યો છે. જો એક લોકલ ટ્રેન આખી એસી કરવાનો ખર્ચ ? ૧૮ કરોડ થાય તો બુલેટ ટ્રેનના ખર્ચમાં ૬૧૦૦ લોકલ ટ્રેનો એસી થઈ જાય, અને મુંબઈમાં તો લોકલ ટ્રેનો ૨૭૪ જ છે. એનો અર્થ એ છે કે દેશનાં જે દસ શહેરોમાં મુંબઈ જેવી લોકલ ટ્રેનો ચાલે છે તે બધી જ એસી ટ્રેન થઈ જાય અને છતાં ઘણા પૈસા વધે.

જો બધી એસી ટ્રેન થઈ જાય તો મુસાફરોને ખાસ્સી રાહત થાય અને લટકતાં ન જવું પડે, જાનનું જોખમ ઘટે. માત્ર મુંબઈની જ વાત કરીએ. મુંબઈમાં સેન્ટ્રલ અને પશ્ચિમ રેલવે રોજની ૨૭૪ લોકલ કે સબ-અર્બન ટ્રેનો દોડાવે છે અને તેમાં વર્ષમાં આશરે ૨૮૪ કરોડ એટલે કે રોજના ૭૪ લાખ મુસાફરો પ્રવાસ કરે છે. આ ટ્રેનો ભયંકર ભીડવાળી હોય છે. જો કે, મુંબઈમાં ૬૬ લોકલ ટ્રેન સર્વિસ એસી પણ છે.

મુંબઈ અને તેની સાથે લગભગ ભળી ગયેલા જણાય તેવા થાણા જિલ્લાની વસ્તી આશરે ૫ કરોડ જેટલી છે. આ બધા જ લોકોને બધી લોકલ ટ્રેન એસી મળી શકે તેમ છે જ. રાજકીય ઈરાદો જોઈએ.

હમણાં સુરત સ્ટેશન પર ટ્રેનમાં ભારે ભીડમાં એક વ્યક્તિનું મોત થયું અને ચાર ઘવાયા. એવું ન થાય માટે દેશનાં ૧૦૦ સ્માર્ટ સિટી પરથી ૨૦ સામાન્ય ડબ્બાની એટલે કે આરક્ષણ વિનાના ડબ્બાની એક ટ્રેન રોજ ચલાવાય તો તેનો ખર્ચ માત્ર ? ૨૦ કરોડ થાય કારણ કે એક સામાન્ય ડબ્બો બાંધવાનો ખર્ચ તો ? ૧.૦ કરોડથી પણ ઓછો થાય છે. ૧૦૦ ટ્રેન માટે માત્ર ? ૨,૦૦૦ કરોડનો જ ખર્ચ થાય. એ શું એમ ન કરી શકાય? દેશમાં રોજ લગભગ ૨,૦૦૦ એક્સપ્રેસ અને મેલ ટ્રેનો ચાલે છે. એની ૨૫ ટકા પણ સામાન્ય ડબ્બાની ટ્રેનો ચાલે તો પણ ખર્ચ ? ૧,૦૦૦ કરોડ જેટલો જ થાય! શું આટલો ખર્ચ? ૨.૪૦ લાખ કરોડનું બજેટ ધરાવતું રેલવે મંત્રાલય ન કરી શકે?

ઉપર કહ્યું તેટલું બધું થઈ જાય અને રેલવે બીજી ઘણી બધી સુવિધાઓ સુધારે પછી ભલે દેશમાં એક નહિ ૧૦૦ બુલેટ ટ્રેન આવે, સહેજે વાંધો નહિ. વિકાસનો લાભ સામાન્ય માણસોને કેમ ન મળે, અને માત્ર ધનવાનોને જ કેમ મળે? સરકારે કોનું કલ્યાણ કરવાનું, માત્ર ધનવાનોનું?

- પ્રો. હેમંતકુમાર શાહ

ગુજરાત ના ખ્યાતનામ ફોટોગ્રાફર શ્રી ઝવેરીલાલ મહેતા નું 97 વર્ષ ની વયે નિધન..... ફોટોગ્રાફી અને પત્રકારત્વ ના અદભૂત યોગદાન બદલ તેમને 2018 માં પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.........શ્રધ્ધા સુમન

गुजरात के मशहूर फोटोग्राफर श्री ज़वेरीलाल मेहता का 97 वर्ष की आयु में निधन..... फोटोग्राफी और पत्रकारिता के अद्भुत योगदान के लिए उन्हें 2018 में पद्म श्री पुरस्कार से सम्मानित किया गया था......... श्रद्धा सुमन

Rate this translation



# જૈન આચાર્ય લોકેશજીને માનવ અધિકાર પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ‘એન. એચ. આર. સી. સી. બી ઈન્ડિયા પ્રાઈડ એવોર્ડ – ૨૦૨૩’ થી સન્માનિત કરવામાં આવ્યા

‘વિશ્વ શાંતિ કેન્દ્ર’ અને ‘અહિંસા વિશ્વ ભારતી’નાં સ્થાપક આચાર્ય ડૉ. લોકેશજીને નવી દિલ્હીનાં ઓ.પી.જે ઓડિટોરિયમ ખાતે આયોજિત ‘આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓન હ્યુમન રાઈટ્સ’ ખાતે ‘એન. એચ. આર. સી. સી. બી ઈન્ડિયા પ્રાઈડ એવોર્ડ – ૨૦૨૩’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ.પૂ.આચાર્ય ડો.લોકેશ મુનિએ જણાવ્યું હતું કે, ‘આ સન્માન મારું નથી, ભગવાન મહાવીરના સિદ્ધાંતો અને ભારતીય સંસ્કૃતિનું સન્માન છે. ભગવાન મહાવીરે ૨૬૦૦ વર્ષ પહેલાં માત્ર માનવ અધિકાર જ નહી પરંતુ જીવનનાં અધિકારો અને નિર્જીવ અધિકારોની પણ ચર્ચા કરી હતી. ભારતની આ પવિત્ર ભૂમિ પર આવા અનેક મહાપુરુષો થયા છે. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ગુરુ નાનકદેવ - આ બધાએ જીવોની કરુણા અને સંરક્ષણની વાત કરી છે. આ આપણને વારસામાં મળ્યું છે અને તેને આગળ લઈ જવાની આપણા સૌની ફરજ છે. સંત સન્માન અને તિરસ્કારથી પરે છે, પરંતુ મને લાગે છે કે આ પ્રકારનાં સન્માનથી, ફરજ અને જવાબદારીની ભાવના વધે છે અને તેમની સાથે સંકળાયેલા લાખો અને કરોડો ભક્તો, ચાહકો અને શુભેચ્છકોને પ્રોત્સાહન મળે છે. આપણે આપણા પોતાના અસ્તિત્વની જેમ બીજાના અસ્તિત્વને પણ સ્વીકારવું જોઈએ. માણસ મશીનની પેદાશ નથી. વિચારો, રુચિઓ અને વિચારસરણીમાં અસમાનતા સ્વાભાવિક છે. પોતાના વિચારોની જેમ બીજાના વિચારોનું પણ સન્માન કરવું જોઈએ. આમ કરવામાં નિષ્ફળતા માનવ અધિકારોનાં ઉલ્લંઘન તરફ દોરી જાય છે.’ આ પ્રસંગે દિલ્હી હાઈકોર્ટ બાર એસોસિએશનનાં સેક્રેટરી સંદીપ શર્મા, નેપાળ ટૂરિઝમ બોર્ડનાં ચેરમેન ભાવેશ શ્રેષ્ઠા, ફેડરેશન ઓફ એસોસિએશન ઓફ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝનાં પ્રમુખ ડૉ. શૂલ પાની સિંહ, આઈઆરએસ અને પ્રિન્સિપાલ કમિશનર ઓફ કસ્ટમ્સ, જી.એસ.ટીનાં કૃષ્ણ પ્રતાપ સિંહ, સભ્ય રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનાં શ્રીમતી જ્યોતિકા કાલરા, એન. એચ. આર. સી. સી. બી રાષ્ટ્રીય મહાસચિવ ગિરિશ ચંદ્ર અને એન. એચ. આર. સી. સી. બીનાં સુરત શ્રીવાસ્તવ અને એન. એચ. આર. સી. સી. બીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ રણધીર કુમાર સહિતનાઓએ પણ તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.




આ સન્માન મારું નથી, પરંતુ ભગવાન મહાવીરનાં સિદ્ધાંતો અને ભારતીય સંસ્કૃતિનું છે - આચાર્ય લોકેશજી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.